।। શ્રી આદિનાથાય નમઃ ।। ।। શ્રી સંભવનાથાય નમઃ ।। ।। શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ।।
।। સિરસા વંદે મહાવીરં ।। નમો લોએ સવ્વસાહુણં ।।

# સુશીલતા કોર્સ

**[ Level - 2 ]**

શ્રી કલિકાલસર્વજ્ઞ
હેમચન્દ્રાચાર્ય જૈન પાઠશાળા

**શ્રી હાલોલ જૈન સંઘ**

આ કોર્સ બુકનો કે તેના અંશનો ઉપયોગ કોઈ પણ જૈન સંઘ/સંસ્થા/પાઠશાળા કરી શકે છે. અને પોતાની રીતે પ્રકાશિત કરી શકે છે. જેમ આ બુકમાં શ્રી હાલોલ સંઘ અને પાઠશાળાનું નામ છે. તેમ પોતાના સંઘનું નામ અને પાઠશાળાનું નામ ખુશીથી મુકી શકે છે. તે માટે લેખિત કે મૌખિક એક પણ પરવાનગી લેવાની જરૂર નથી. તેમને પ્રકાશન કરવું ફાવે અથવા તો કોઈને આ કોર્સની છૂટક કોપીની જરૂર પડે તે માટે આ QR કોડ ઉપયોગી થશે.

# ❀ શાસન સંકલ્પ ❀

જિનશાસન મારું સર્વસ્વ છે.
જિનશાસનનો ચતુર્વિધ શ્રીસંઘ મારો પરિવાર છે.
જિનશાસનની વિશુદ્ધ આરાધના એ મારો ખરો બિઝનેસ છે.
જિનાશાસનની આત્મામાં પરિણતિ એ મારો ખરો પ્રોફિટ છે.
જિનશાસનનું દરેક અંગ એ મારું ખરું ઘર છે.
જિનશાસનની નિઃસ્વાર્થ સેવા એ મારો ખરો આનંદ છે.
જિનશાસનના નામે બધું જ જતું કરું એ
મારું જિનશાસનનું ખરું સભ્ય પદ છે.
જિનશાસનની ઉપેક્ષા એ મારો ખરો અકસ્માત છે.
જિનશાસનની હીલના એ મારી ખરી નરક છે.
જિનશાસનની ઉન્નતિ એ મારું ખરું સ્વર્ગ છે.
જિનશાસનમાં જિનશાસનથી જિનશાસન માટે
જિનશાસનનો બનીને જીવું એ જ મારું ખરું જીવન છે.
જિનશાસનમાંથી જરાક પણ બહાર નીકળું એ જ મારું ખરું મૃત્યું છે.
પરમ પાવન શ્રીભગવતી સૂત્રમાં કહ્યું છે તેમ –
**एस अट्ठे** – જિનશાસન એ જ અર્થ છે, બાકી બધું મિનિંગલેસ છે.
**एस परमट्ठे** – જિનશાસન એ જ પરમાર્થ છે, મને પરમ લાભદાયી છે.
**सेसे अणट्ठे** – બાકી બધું અનર્થ છે, મારા આત્મા માટે ખૂબ જ ભયાનક છે.
જિનશાસન પરના આક્રમણો સામે હું સિંહની જેમ ધસી જઈશ.
હું મરી જઈશ પણ જિનશાસનને ઉની આંચ નહીં આવવા દઉં,
હું મરી જઈશ પણ જિનશાસનની અપભ્રાજનામાં નિમિત્ત નહીં બનું.
જો હોવે મુજ શક્તિ ઈસી
સવિ જીવ કરું શાસનરસી
વિશ્વના પ્રત્યેક જીવના હૃદયમાં જિનશાસનની પ્રતિષ્ઠા એ મારો સંકલ્પ છે.
વિશ્વભરમાં લહેરાતી જિનશાસનની ધજા એ મારો સંકલ્પ છે.
આ મારો આજીવન સંકલ્પ છે
આ મારું જન્મોજનમનું સ્વપ્ન છે.

# અનુક્રમણિકા


ક્રમ વિષય.................................................પૃષ્ઠ

**(A) નારી ગરિમા** ........................................ ૪-૨૪

I Ask You.................................................૪

Choice Yours .............................................૬

Want to be a Living Deadbody .............................૮

Plz. Ask Once ............................................૧૧

Eyes or Movie ? ..........................................૧૩

Never Third ..............................................૧૫

યા શીલ... યા કશું નહીં.....................................૧૭

Decoration of a Dead-Body ................................ ૨૦

સાર........................................................ ૨૨

**(B) લગ્ન પહેલા (ભાગ-૩) ૧૩ અમંગળોનું પેકેજ-પુલ પાર્ટી**........૨૫-૨૯

**(C) લગ્ન પહેલા (ભાગ-૪) સાત સત્યાનાશ**......................૩૦-૫૫

(૧) સત્યાનાશ-૧ : જોખમી સફર.................................૩૦

(૨) સત્યાનાશ-૨ : અનૈતિક સ્પર્શ................................૩૨

(૩) સત્યાનાશ-૩ : નફ્ફટતા......................................૩૪

(૪) સત્યાનાશ-૪ : જાહેર પ્રદર્શન.................................૩૭

(૫) સત્યાનાશ-૫ : જાહેર પ્રશંસા.................................૪૧

(૬) સત્યાનાશ-૬ : કુદૃષ્ટિ........................................૪૬

(૭) સત્યાનાશ-૭ : અનવસ્થા.....................................૫૧

# નારી ગરિમા

## ❊ I Ask You ❊

''તરલા !
આપણને અહીં કોણ દુષ્ટ ઉપાડી લાવ્યું છે ?
આપણું અપહરણ કરનારનું નામ આપ.
હું એના પ્રાણ લઈને મારા શીલની રક્ષા કરીશ.
યા શીલની રક્ષા માટે મારા પ્રાણોની આહૂતિ આપી દઈશ.''
''રાજકુમારી કાન્તા ! આપ મારી વાત સાંભળો,
અત્યારે આપણે પાટણમાં રાજકુમાર કર્ણના મહેલમાં પૂરાયેલા છીએ.
અહીં આપણને બચાવનાર કોઈ નથી.
એ બહુ જ શક્તિશાળી છે.
આપણે પ્રતિકાર કરવાનો પ્રયાસ કરીએ,
તો એ આપણી સાથે જબરદસ્તી પણ કરી શકે છે.
ને આપણી હત્યા પણ કરી શકે છે.
સાંભળ્યું છે કે એણે આપના પતિ સૂરસેનને ય ખતમ કરી દીધા છે.
તો હવે એમને આધીન થવું એ જ એક ઉપાય છે.''
''ખબરદાર તરલા ! તું દાસી છે,
ને તારી વાત પણ દાસી જેવી જ છે.
મને લાગે છે કે તું પોતે તો ભ્રષ્ટ થઈ જ ચૂકી છે,
ને હવે મને પણ ભ્રષ્ટ કરવાનો પ્રયાસ કરે છે.
નીકળી જા અહીંથી,
તારું કાળું મોં મને દેખાડતી નહીં.
**તું કૂતરી હોઈશ,**
**જેને ગમે તેટલા કૂતરા ભોગવી શકે.**
**હું એક સન્નારી છું.**
**મારો સ્પર્શ યા મારા પતિ કરી શકે,**

**યા અગ્નિ કરી શકે.**
**ત્રીજી કોઈ વ્યક્તિ મને સ્પર્શી જ ન શકે.**
ને મારા પતિ ખતમ થઈ ગયા.
આ વાત પણ સાવ ખોટી છે.
જો આ મોતીની માળા.
જે એમણે મને યુદ્ધ માટે જતા પહેરાવી હતી.
ને કહ્યું હતું કે 'જ્યાં સુધી આ માળા અખંડ રહેશે,
ત્યાં સુધી તારું સૌભાગ્ય અખંડ રહેશે.
મારા પતિ જીવતા છે,
એ આવશે, ને એ દુષ્ટને ખતમ કરીને
મારા શીલની રક્ષા કરશે.
જા, નીકળી જા અહીંથી.''

* * * * *

'યુવરાજ કર્ણ ! તમે ચિંતા ન કરો,
આજે મધરાતે એમની મોતીની માળા તોડી દેવાની,
જવાબદારી મારી, ને કાલે મારી સ્વામિની તમારી...''

* * * * *

તરલા મધરાતે બારીમાંથી અંદર જઈને
તીક્ષ્ણ છરીથી એ માળા તોડી દે છે.
સૂરસેન કાન્તાને બચાવવા આવી પહોંચે છે.
એ ક્ષણે કાન્તા
હાય પ્રાણનાથ કહીને સળગતી ચિતામાં કૂદી પડી હોય છે.
સૂરસેન પણ એ જ ચિતામાં કૂદી પડે છે.
આખી જનતા કર્ણ અને તરલાને ધિક્કારે છે.
પરિણામે તેઓ ય ઝેર પીને મરી જાય છે.

* * * * *

**શું શીલ એ સસ્તી–નાંખી દેવા જેવી વસ્તુ છે ?**
**શું નારી અને કૂતરીમાં કોઈ જ ફરક નથી ?**
**શું ભ્રષ્ટતા સાથે કદી સાચો આનંદ હોઈ શકે ?**
**શું ઘણાની હોય એ કોઈ એકની પણ હોઈ શકે ?**
**શું આપણા લાખો પૂર્વજોની પરંપરા ખોટી હતી ?**
**શું આજની નારી ખરેખર સુખી થઈ છે ?**
**I ask you, Plz. Answer me.**

✺

## ⁕ *Choice Yours* ⁕

ઉદયપુરના મહારાણા જયસિંહ.
એમની લાડલી રાજકુમારી લાલબાઈ.
એનો સ્વયંવર યોજાયો છે.
લાલબાઈ વરમાળા લઈને ચાલી રહી છે.
દેશ દેશના રાજાઓ અને રાજકુમારોનો પરિચય અપાઈ રહ્યો છે.
ને લાલબાઈ આગળ ચાલી રહી છે.
"આ છે અનહલવાડાના રાજકુમાર અનહલરાય..."
જેમ જેમ વર્ણન થતું ગયું,
તેમ તેમ લાલબાઈ એમની થતી ગઈ.
એ મનથી તો એમને વરી જ ગઈ હતી.
બાકી હતી વરમાળા પહેરાવવાની.
એણે હાથ ઊંચા કર્યા... હાથ લંબાવ્યા.
અનહલરાયના ગળામાં એ વરમાળા ઢળે
એ પહેલા જોરથી એક ભાલાનો પ્રહાર થયો.
એક રાજકુમારે એ વરમાળાને ભાલાથી આંચકી લીધી.
ને પોતે જ પહેરી લીધી. એ હતો કચ્છનો રાજકુમાર તાજપાલ.

આખી સભામાં હલચલ મચી ગઈ.
અનહલરાયે ગુસ્સાથી તાજપાલ પર પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો.
તાજપાલે પોતાનો બચાવ કરીને
ભાલાનો એવો મરણતોલ પ્રહાર કર્યો,
કે અનહલરાયનું ત્યાં જ મૃત્યુ થઈ ગયું.
આખી સભા સ્તબ્ધ છે,
લાલબાઈ વિચાર કરે છે કે
**'મેં મનથી તો એમને પતિ તરીકે સ્વીકારી જ લીધા છે.**
**એક સન્નારીના જીવનમાં**
**કદી બે પતિ તો નથી જ હોતા,**
**બીજા પતિનો વિચાર સુદ્ધા નથી હોતો.**
**શીલ એ જ સન્નારીનું જીવન હોય છે.**
**શીલહત્યા એ જ એની હત્યા હોય છે.**
**મારા પતિ ગયા.**
**હવે જો મારે જીવવું હશે,**
**તો મારા માટે આવી હત્યા કરનારા**
**માણસના હાથે મારું શીલ ચૂંથાવા દેવું પડશે,**
**જે મને હરગીઝ મંજૂર નથી.'**
એક જ ક્ષણમાં લાલબાઈ નિર્ણય લઈ લે છે.
અનહલરાયના દેહમાંથી ભાલાનો ધારદાર ભાગ
બહાર ખેંચી કાઢે છે.
અને કોઈ કંઈ સમજે તે પહેલા જ
પોતાના પેટમાં એ ભાલો ભોંકી દે છે.
કાંઈ ચિકિત્સા થાય
એ પહેલા એનું પ્રાણપંખેરું ઊડી જાય છે.
એના મુખ પર શીલરક્ષાનો પરમ સંતોષ વર્તાઈ રહ્યો છે.

ક્ષણિક સુખ માટેની ખંજવાળ
અને તેને દૂર કરવા માટે
અવનવી વ્યક્તિ સાથેની ગંદી ચેષ્ટા તો
ભૂંડણના ભવમાં પણ હોય છે.
માનવીય સભ્યતા
એનાથી જે કારણે જુદી પડે છે
એનું નામ છે શીલ.
**માનવીય સભ્યતા.... પરિવાર.. વિશ્વાસ... વફાદારી...**
**પ્રેમાળ લાગણી... સમર્પણ... સાત્ત્વિક સંતતિ... પ્રસન્ન જીવન -**
**આ બધું જ જેના કારણે ટકે છે.**
**એનું નામ છે શીલ.**
**ભૂંડણ જેવી જિંદગીમાં**
**ભૂંડણ કદાચ સુખી હોઈ શકે,**
**નારી નહીં.**

✳

## ✳ *Want to be a Living Deadbody ?* ✳

જુનાગઢના રાજા રા'ખેંગાર.
એમની રાણી હતી રાણકદેવી.
એના પર મોહિત બનેલ સિદ્ધરાજ.
પાટણથી બે વાર વિશાળ સેના લઈને ચડી આવ્યો
પણ બંને વાર એણે પરાજિત થઈને ભાગવું પડ્યું.
ત્રીજી વાર એ વિશાળ સેના લઈ આવ્યો.
રા'ખેંગાર સિદ્ધરાજનો બંદી બન્યો.
**રાણકદેવીને જેવી આ વાતની જાણ થઈ.**
**એવું એનું ક્ષાત્ર તેજ ઝળકી ઉઠ્યું.**

**એ પોતે તો શસ્ત્રસજ્જ બની જ**
**વિધવા ક્ષત્રિયાણીઓને ય એણે પ્રોત્સાહિત કરી.**
**૫૦,૦૦૦ સ્ત્રીઓની સેના સાથે એ તૂટી પડી.**
**સિદ્ધરાજનું બધું જ જોશ ભાંગી પડ્યું.**
એ ભાગવા જ જતો હતો.
ત્યાં એની માતા મીનળદેવી બીજી સેના લઈને પહોંચી ગઈ.
યુદ્ધ જામ્યું,
રાણકદેવી ઘાયલ થઈ, જીવતી પકડાઈ.
પોતાનો સ્વીકાર કરે એ માટે
સિદ્ધરાજે આકાશ પાતાળ એક કર્યા,
એ વશ તો ન થઈ.
ઉપરથી સિંહણની જેમ વીફરી...
''દુષ્ટ... પાપી... નીચ... શરમ નથી આવતી તને
ધિક્કાર છે તારી લંપટતાને...''
આવા શબ્દોથી એની ઝાટકણી કરી નાંખી.
સિદ્ધરાજે ક્રોધાવેશમાં આવીને
એના પતિનું માથું કાપી નાંખ્યું.
લોહી નીતરતું માથું લઈને
સિદ્ધરાજ રાણકદેવી પાસે આવીને કહે છે.
જો આને,
હજી કહું છું માની જા.
નહીં તો તારા બંને દીકરાઓના ય માથા કાપી નાંખીશ...''
આટલું કહેતાની સાથે
સિદ્ધરાજે એની સામે જ
એના બંને દીકરાઓના માથા કાપી નાંખ્યા.
રાણકદેવીએ આ જોતાની સાથે

સિંહણની જેમ સિદ્ધરાજ પર તરાપ મારી
એની પાસેની કટાર છિનવી લીધી.
સિદ્ધરાજનું મોત એના માથે આવી ગયું.
રાણકદેવીએ કહ્યું, "હત્યારા !
તે મને વિધવા બનાવી દીધી
પણ હું તારી આ ગુજરાતની ધરતીને વિધવા બનાવીને
તારી મા ને રડાવવા નથી માંગતી.
છતાં મારું અંતર કહે છે કે
જેવી તે મારી ને મારા રાજ્યની દુર્દશા કરી છે,
એવી મ્લેચ્છો દ્વારા તારા રાજ્યની પણ દુર્દશા થશે.
હજી પણ છોડી દે આ લંપટતાને."
સિદ્ધરાજ સ્તબ્ધ થઈને સાંભળી રહ્યો છે
ને રાણકદેવી પોતાના શીલની રક્ષા માટે
એ કટારને પોતાની છાતીમાં ભોંકીને ઢળી પડે છે.
**આ દશ્ય જોઈને સિદ્ધરાજ બેભાન થઈ જાય છે.**
**ભાનમાં આવીને ધ્રુસકે ધ્રુસકે રડે છે.**
**ઘોર પશ્ચાત્તાપ સાથે પતિ-પુત્રો સાથે એનો અગ્નિસંસ્કાર કરે છે.**
**અને એ જ જગ્યાએ એક ભવ્ય મંદિર બનાવીને**
**એની મૂર્તિ બેસાડે છે.**
**આજે પણ એ રાણકદેવીનું મંદિર ને એ મૂર્તિ હયાત છે.**
**જે દુનિયા આખીને પ્રેરણા આપે છે.**
**કે શીલ વેંચીને મડદાની જેમ જીવવા કરતા**
**શીલની રક્ષા કરીને અમર થઈ જવું લાખગણું બહેતર છે.**

*

બાલંભાના રાજા રાજસિંહ.
એમની રાજકુમારી સોહનદેવી,
પરાકાષ્ઠાનું રૂપ ને પરાકાષ્ઠાની વિદ્વત્તા.
એણે પ્રતિજ્ઞા કરી કે
''જે મારી કાવ્ય સમસ્યાની પૂર્તિ કરશે,
એની જ સાથે હું લગ્ન કરીશ.''
કાઠિયાવાડમાં ઘૂમલીના રાજા શિયાજીના દરબારમાં,
એ સમસ્યા લઈને દૂત પહોંચ્યો.
રાજકુમાર સાલામને એ સમસ્યાની પૂર્તિ કરી દીધી.
સગપણ થયું. વિવાહની તિથિ નક્કી થઈ
પણ રાજાનું મન બગડ્યું.
એને પોતાને સોહનદેવીને પરણવાની ઈચ્છા થઈ.
એ માટે એણે કાવતરું કર્યું.
પ્રજાને ખબર પડી ગઈ.
એ રાજાને ધિક્કારવા લાગી.
રાજકુમાર એક આઘાત સાથે એ રાજ્ય છોડી નીકળી ગયો.
રાજાને આનંદ થયો.
એ સીધો સોહનદેવી પાસે પહોંચી ગયો.
પોતાની સાથે વિવાહ કરવાનો આગ્રહ કરવા લાગ્યો.
જેની સાથે સગપણ થયું એનો પત્તો નથી.
એક રાજા પોતાની રાણી બનાવવા કરગરી રહ્યો છે.
સત્તા અને સંપત્તિ બંને એક સાથે મળી રહ્યા છે.
એમાં બિલકુલ લોભાયા વિના
સોહનદેવી સિંહણની જેમ ગર્જી ઉઠે છે.

**"દુષ્ટ, બેશરમ, તમારું કાળું મોં લઈને નીકળી જાઓ અહીંથી.**
**તમારી પુત્રવધૂ પાસે આવી ગંદી માંગણી કરતા**
**તમને થોડી પણ શરમ નથી આવતી ?"**
પણ રાજા શિયાજી પર આ વાતની કોઈ અસર ન થઈ.
એ જબરદસ્તી કરવા સુધી નીચે ઉતરી આવ્યો.
સોહનદેવીએ પોતાના શીલની રક્ષા માટે
એની પાસેની કટાર છિનવી લીધી
ને એની છાતીમાં ભોંકી દીધી.
રાજાનું પ્રાણપંખેરું ઉડી ગયું.
રાજકુમારની શોધ કરાવી સોહનદેવી એને પરણી.
ઘૂમલીના રાજ્યમાં એ રાજકુમારનો રાજ્યાભિષેક થયો.
દૂધનું દૂધ ને પાણીનું પાણી તઈ ગયું.
વહેલું કે મોડું તો થવાનું જ છે.
શીલભ્રષ્ટ બધી જ રીતે દુઃખી થશે.
શીલસંપન્ન બધી જ રીતે સુખી થશે.
હજી આ સ્થૂલ વાત છે.
એક નારી માટે.... એક નર માટે... એક મનુષ્ય માટે તો
શીલ એ જ સુખ હોય છે.
શીલભ્રષ્ટતા એ જ દુઃખ હોય છે.
**હું મનુષ્ય છું એટલું જ પૂરતું છે**
**કે હું શીલભ્રષ્ટ ન જ હોઈ શકું.**
**જો આપણને આટલી સિમ્પલ ફીલિંગ્સ ન થતી હોય**
**તો આપણે આપણને પૂછવું જોઈએ.**
**શું હું માણસ નથી ? શું હું પશુ છું ?**
**Plz Ask once.**
**Who are we ?**

## ✻ *Eyes or Movie ?* ✻

કલકત્તાની પાસેનું ગામડું.
સતત દુકાળોથી ભરડામાં આવેલો એક પરિવાર.
એ પરિવારના પ્રેમાનંદ નામના સભ્યને
નિર્દય અમલદારે બંદી બનાવ્યો.
એના જીવનની આશા છોડીને
પરિવારના બીજા સદસ્યો તો રંગપુર જતા રહ્યા.
પણ પ્રેમાનંદની પત્ની સત્યવતીએ વિચાર કર્યો.
**'નવા નગરમાં પતિ વિના મારી શીલરક્ષાનું શું ?**
**જંગલમાં મને તકલીફો પડશે.**
**ખાવા-પીવાના ઠેકાણા નહીં હોય.**
**સુખોનો દુકાળ હશે ને દુઃખોનો સુકાળ હશે.**
**પણ મારી શીલરક્ષા ત્યાં થઈ શકશે...'**
સત્યવતીએ વર્ષો સુધી જંગલમાં રહેવું પસંદ કર્યુ.
દરમિયાન એના સસરાને બંદી બનાવી લેવાયા.
તો એમને છોડાવ્યા.
બાર વર્ષની મહેનત બાદ
એને જાણ થઈ કે એના પતિ કલકત્તાની જેલમાં છે.
બહાવરી બનીને એ કલકત્તા પહોંચી છે.
જેલની ભાળ મેળવીને એ ત્યાં ય પહોંચી છે.
પણ
નથી પૈસા, નથી લાગવગ, એ શું કરી શકે ?
છતાં જેલની બહાર એ બેઠી છે.
પ્રભુને પ્રાર્થના કરી રહી છે.
એ સમયે ત્યાંથી કોઈ ઉતાવળે પસાર થયું.

એની પાસે એક બેગ હતી તે પડી ગઈ.
એને ખબર ન હતી.
સત્યવતીએ તે માણસને તેની બેગ આપી.
એ માણસ ગળગળો થઈ ગયો.
‘જો તમે મને આ બેગ ન આપી હોત
તો હું ખરેખર લૂંટાઈ ગયો હોત.
બોલો, હું તમારી માટે શું કરી શકું...?’’
સત્યવતીએ પોતાની વાત કરી.
એ માણસે બધી કાર્યવાહી કરી.
પ્રેમાનંદને મુક્ત કરવાનો આદેશપત્ર મેળવ્યો.
સત્યવતી પુરુષવેષમાં સજ્જ થઈ જેલમાં આવી.
પ્રેમાનંદને બહાર લાવવામાં આવ્યા.
સત્યવતીની આંખોમાંથી દડદડ આંસું પડવા લાગ્યા.
બાર વર્ષ પછી.. કેટકેટલા કષ્ટો વેઠ્યા પછી
એને એના પતિ મળ્યા...
એની સતીત્વની સાધના ફળી...

**સત્યવતી ધારત**
**તો મારા સુખનું શું ?**
**મારા સપનાનું શું ?**
**મારી આશાઓનું શું ?**
**આવા પ્રશ્નોના ઓઠા હેઠળ**
**હલકા રસ્તે પોતાનું સુખ શોધી શકત.**
**પણ એવું એણે ન કર્યુ.**
**કારણ કે એ એવું ધારી જ ન શકી.**
**કારણ કે એ કોઈ કૂતરી ન હતી.**
**કોઈ ભૂંડણ કે ગધેડી પણ ન હતી.**

**એ હતી નારી.**
**શુદ્ધ નારી.**
નારીત્વના ભોગે મળતું સુખ હકીકતમાં ભ્રમણા હોય છે.
જ્યારે તમારી આંખો જ ફોડી દેવાતી હોય
ત્યારે તમને અપાઈ રહેલ સિનેમા ટિકિટોનો
કોઈ જ અર્થ રહેતો નથી.

✻

## ✻ *Never Third* ✻

સિંહલ દ્વીપના રાજા હતા ગંધર્વસેન.
એમની પુત્રી હતી પદ્માવતી.
એના વિવાહ ચિત્તોડના રાજા રતનસિંહજી સાથે થયા હતા.
દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજી
એના પર આસક્ત થઈને ચિત્તોડ પર આક્રમણ કરવા સેના લઈને આવ્યા.
પણ એમાં ફાવ્યો નહીં.
તો કપટથી રતનસિંહજીને બંદી બનાવી દીધા.
અને જ્યાં સુધી પદ્માવતી પોતાને ન સોંપાય
ત્યાં સુધી તેમને નહીં છોડું એવી ધમકી આપી.
**પદ્માવતી ઈચ્છત તો એ દિલ્હીની રાણી બની શકત.**
**પદ્માવતી ઈચ્છત તો દુનિયાભરના સુખસાધનો પામી શકત.**
**પણ પદ્માવતી બરાબર સમજતી હતી.**
**કે શીલ વેંચવાનો સીધો અર્થ છે જાત વેંચવી.**
**આ સોદો મૂર્ખાઓ જ કરે,**
**કારણ કે જ્યારે તમે જ વેંચાઈ ગયા હો,**
**ત્યારે તમને શું મળ્યું -**
**એ વાતનો કોઈ અર્થ જ રહેતો નથી.**

પદ્માવતીએ પરિવારના સભ્યો સાથે ગંભીર વિચારણા કરી.
બાદશાહને કહેવડાવ્યું કે "મને તમારી શરત મંજૂર છે.
હું ૭૦૦ સખીઓ સાથે તમારી પાસે આવીશ,
ત્યારે તમારી સેના કોઈ અશાંતિ ન કરે."
બાદશાહ ખુશ થઈ ગયો.
રતનસિંહજીને છોડી દીધા.
૭૦૧ પાલખીઓ સામેથી આવી રહી છે.
દરેક પાલખી ૮-૮ સ્ત્રીઓએ ઉપાડી હોય એવું દશ્ય છે.
બાદશાહના મનમાં ગલગલિયા થઈ રહ્યા છે.
આખી સેના અનેરી આશાઓમાં રાચી રહી છે.
બધી જ પાલખીઓ લગોલગ આવી ચૂકી છે...
ને આ શું ?
દરેક પાલખીમાંથી સશસ્ત્ર સૈનિકો છલાંગ લગાવે છે.
પાલખી ઉપાડનારી બધી જ સ્ત્રીઓ સ્ત્રીઓ મટીને
સશસ્ત્ર સૈનિકરૂપે પ્રગટ થાય છે.
બાદશાહ ને એની આખી સેના પર એ બધાં તૂટી પડે છે.
અણધાર્યા હુમલાથી એ બધાનો કચ્ચરઘાણ વળી જાય છે.
બાદશાહ માંડ માંડ જીવ બચાવીને દિલ્હી પહોંચે છે.
આનો બદલો લેવા માટે ફરી અત્યંત વિશાળ સેના સાથે આવીને
ચિતોડને ઘેરી લે છે.
પદ્માવતી હવેની પરિસ્થિતિ સમજી જાય છે.
મહેલની નીચે એક અગ્નિકુંડ તૈયાર કરે છે.
રાજા સેના સાથે રણભૂમિમાં ઝઝૂમી રહ્યા છે.
આટલી બધી વિશાળ સેના સામે લડતા લડતા
રાજા અને બીજા પણ રજપૂતો મૃત્યુ પામે છે.
એ સમાચાર મળતાની સાથે

પદ્માવતી હજારો રજપૂતાણીઓની સાથે
એ સળગતા અગ્નિકુંડમાં ઝંપલાવી દે છે.
વિજયના નશા સાથે અલ્લાઉદ્દીન જ્યારે ત્યાં આવી પહોંચે છે.
ત્યારે એના હાથમાં
રાખથી વધુ કશું જ આવતું નથી.
એ હાય હાય કરતો દિલ્હી ભેગો થઈ જાય છે.
**આજે પણ એ જગ્યાએ**
**રાણી પદ્માવતીનું મંદિર છે.**
**જેમાં પદ્માવતી રાણીની પ્રતિમા સંદેશ આપી રહી છે.**
**કે એક સ્ત્રીને**
**યા એનો પતિ અડી શકે**
**યા અગ્નિ અડી શકે.**
**ત્રીજા કોઈની મજાલ નથી કે એને અડી શકે**
**પછી ભલેને એ દિલ્હીનો બાદશાહ પણ કેમ ન હોય ?**

✺

## ✻ યા શીલ... યા કશું નહીં... ✻

વીરમતી.
ધારાનગરીના રાજા ઉદયાદિત્યની દીકરી.
ટોડાના યુવરાજ જગદેવ સાથે એના વિવાહ થયા.
જગદેવની સાવકી મા ઈર્ષ્યાથી ષડયંત્ર રચવા લાગી
જેથી એનો દીકરો રાજા બને.
જગદેવ બધું છોડીને રાતે પત્ની સાથે નીકળી પડે છે.
ને ગુજરાતની રાજધાની પાટણમાં આવે છે.
વીરમતીને એક ઉપવનમાં બેસાડીને
રહેવાની જગ્યા જોવા માટે એ પાટણ શહેરમાં અંદર જાય છે.

પાટણની એક વેશ્યા હતી - જામોતી.
એની દાસીની નજર વીરમતી પર પડી.
એણે વેશ્યાને વાત કરી.
એ વીરમતીના ફૈબા હોવાનું નાટક કરીને
એને પોતાને ત્યાં લઈ આવી.
વીરમતીને ખ્યાલ આવ્યો કે
એને ફસાવવામાં આવી છે.
ત્યાં તો ત્યાંના કોટવાલના દીકરા-લાલિયાને
એના રૂમમાં મોકલવામાં આવ્યો.
એને કાઢી મુકવા માટે વીરમતીએ ખૂબ પ્રયાસ કર્યો.
પણ એમાં નિષ્ફળ જતા એણે બીજો ઉપાય અજમાવ્યો.
ઉપર ઉપરથી પ્રેમ બતાવીને
એને એવો સ્ટ્રોંગ દારૂ પીવડાવી દીધો
કે એ ત્યારે જ બેભાન થઈ ગયો.
**વીરમતીએ પોતાના શીલની રક્ષા કરવા માટે**
**એની કટાર કાઢીને એની જ છાતીમાં હુલાવી દીધી.**
**ને એના મડદાના પાંચ-છ ટુકડા કરી કોથળામાં નાંખી**
**બારીમાંથી રાજમાર્ગ પર ફેંકી દીધા.**
**થોડીવારમાં ત્યાંથી ચોકીદાર પસાર થયો.**
કોથળો જોઈને ચમક્યો.
એ કોથળો કોટવાલને આપ્યો
કોટવાલ ત્યાં સિપાઈઓને લઈને આવ્યો.
પણ રૂમ તો અંદરથી બંધ હતો.
ફક્ત એક બારી એવી હતી
જેમાં કપાટ ન હોવાથી ખુલ્લી જ હતી.
એક સિપાઈ ત્યાં સીડી મુકીને ચડ્યો.

જેવું એણે અંદર ડોકિયું કર્યું
તેવું વીરમતીએ એનું માથું કાપી નાખ્યું.
માથું રૂમમાં પડ્યું અને ધડ બહાર.
બીજો સિપાઈ ચડ્યો... એની ય એ જ દશા...
ત્રીજો... ચોથો... પાંચમો.. છટ્ઠો... સાતમો
બધાની એ જ દશા... બધા ગભરાયા...
સિદ્ધરાજને બધી વાત કરી.
રાજા પોતે આવ્યો.
સાથે જગદેવ પણ આવ્યો.
રાજાએ એ રૂમ પાસે જઈને કહ્યું.
''હું અહીંનો રાજા સિદ્ધરાજ છું. રૂમમાં પુરુષ કે સ્ત્રી જે પણ હોય, એ મને આ ઉત્પાતનું કારણ કહે.''
વીરમતીએ બધી વાત કહી
એટલે જગદેવે કહ્યું,
''તું એકદમ નિર્ભય થઈને દરવાજો ખોલી દે.''
**વીરમતીએ દરવાજો ખોલ્યો,**
**પતિના ચરણોમાં પડીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી.**
**રાજાએ એને આશ્વાસન આપ્યું. બંનેને પોતાના મહેલમાં લઈ જઈ વીરમતીને દીકરી જેવું સ્થાન આપ્યું.**
**કોટવાળ અને વેશ્યાનો દેશનિકાલ કર્યો.**
**અને જગદેવનું રાજ્ય એને અપાવી એનું સમ્માન વધાર્યું.**
**વીરમતી આજે ય આપણને કહી રહી છે -**
**તમે ફક્ત શીલ બચાવી લો,**
**તમારું બધું જ બચી જશે.**

✺

# ❊ Decoration of a Dead-Body ❊

બુંદેલ ખંડના રાજા ચંદેલની પુત્રી દુર્ગાવતી.
ગોંડ રાજા સાથે એના વિવાહ થયા.
એક દીકરાનો જન્મ થયો.
ને એ વિધવા થઈ.
વૈધવ્યના દુઃખને જીરવી લઈ
દુર્ગાવતીએ બે જવાબદારી ઉપાડી લીધી.
એક-રાજકુમારના ઉછેરની
બીજી-રાજ્યના સંચાલનની.
આ પરિસ્થિતિ જાણીને
અકબરના એક સરદારને તેનો ગેરલાભ લેવાનું મન થયું.
એનું નામ હતું આસિફ ખાં.
એ વિશાળ સેના સાથે ચડી આવ્યો.
**દુર્ગાવતીએ પોતાની સેનાને સજ્જ કરી**
**અને પોતે ય શસ્ત્રોથી સજ્જ થઈને**
**બાળ રાજકુમારને પીઠ પર બાંધીને**
**રણમેદાનમાં ઉતરી આવી.**
**તેને જોઈને એક એક સિપાઈના જોશના**
**ગુણાકાર થઈ ગયા.**
બધા દુશ્મનો પર એવા તૂટી પડ્યા
કે એ બધાએ ઊભી પૂંછડીએ ભાગવું પડ્યું.
આસિફ ખાં ખરાબ રીતે અપમાનિત થયો,
એ બીજી વાર વિશાળ સેના લઈને ચડી આવ્યો.
દુર્ગાવતીએ બીજી વાર પણ એની એ જ દશા કરી.
એ ત્રીજી વાર આવ્યો.

દુર્ગાવતી પૂરા પરાક્રમ સાથે લડી રહી હતી.
પણ એને અચાનક ખ્યાલ આવ્યો.
કે બાળ-રાજકુમાર ઘાયલ થઈ રહ્યો છે.
એણે તરત એને તંબુમાં લઈ જવાનો આદેશ આપ્યો.
ને પોતે ફરી યુદ્ધ કરવા લાગી.
પણ અચાનક એક તીર આવ્યું.
ને એની આંખમાં વાગ્યું.
દુર્ગાવતીએ પોતાના હાથથી એને ખેંચી કાઢ્યું.
ત્યાં એક તીર સીધું ગળા પર લાગ્યું.
ઘણું બધું લોહી વહી ગયું.
દુર્ગાવતીને ચક્કર આવી ગયા.
શત્રુસેનાએ એને ચારે બાજુથી ઘેરી લીધી.
દુર્ગાવતી સમજી ગઈ
કે હવે એનું શીલ જોખમમાં છે.
શત્રુઓ એને જો જીવતી પકડી લેશે
તો સારવાર કરીને એનું જીવન તો લંબાવી દેશે
પણ
એનું શીલનું જીવન પૂરું થઈ જશે.
**દુર્ગાવતીને એ હરગીઝ મંજૂર ન હતું.**
**કારણ કે તે એક નારી હતી.**
**શુદ્ધ નારી.**
**ક્ષણના સોમાં ભાગમાં એ નિર્ણય લઈ લે છે.**
**પોતાની છાતીમાં પોતાના હાથે જ**
**બર્છી ખોસી દે છે.**
**એક ભારતીય નારીની ખુમારી, ખમીરી**
**અને શીલરક્ષાને સલામ કરવા સિવાય**
**દુશ્મનો પાસે બીજો કોઈ વિકલ્પ જ બચતો નથી.**

શીલ એ જ સર્વસ્વ છે.
શીલ વિના બીજું બધું જ ખોખલું છે.
શીલ વિનાનો પૈસો, સુખ, નામના
આ બધું જ મડદાંનો શણગાર છે.
જે મળી પણ જાય.
તો ય એનો કોઈ જ અર્થ નથી.

✺

## ⁕ સાર ⁕

રૂપ દેખીતી રીતે તો સારું લાગે છે
પણ રૂપના કારણે જ આજ સુધીમાં
કરોડો માથા કપાઈ ચૂક્યા છે.
લોહીની નદીઓ વહી ચૂકી છે
કરોડો નારીઓ વિધવા થઈ ચૂકી છે.
કરોડો સંતાનો અનાથ થઈ ચૂક્યા છે.
આખી આખી નગરીઓ બધી જ રીતે લૂંટાઈ છે.
રૂપ ફક્ત પતિ માટે હોય તો ઠીક છે.
રૂપ જ્યારે પતિ સિવાયની વ્યક્તિને દેખાડવામાં આવે,
ત્યારે હોનારતોની વણઝારોને આમંત્રણ આપવામાં આવે છે.
**આજે ય દેખીતા યુદ્ધો ભલે ન હોય**
**પણ રોજે રોજ**
**કરોડો સ્ત્રીત્વના માથા કપાઈ રહ્યા છે.**
**શીલના લોહીની નદીઓ વહી રહી છે.**
**ચારિત્રની હત્યા કરોડોને વિધવા બનાવી રહી છે.**

**સેંકડો સદ્ગુણો સાવ જ અનાથ થઈ રહ્યા છે.**
**ને દુનિયા આખી બધી જ રીતે લૂંટાઈ રહી છે.**

બહેન !

આ જ રૂપ.. રૂપનું પ્રદર્શન.. સહચાર.. કહેવાતી ફ્રેન્ડશીપ..
કહેવાતું Just Fun... આણે જ આખી ય સ્ત્રીજાતિની
ઘોર ખોદી નાંખી છે.
એક સ્ત્રી આ બધાની પાછળ દોડે છે.
ત્યારે સો સ્ત્રીઓ સીધી કે આડકતરી રીતે
ખલાસ થઈ જાય છે.
આ બધાનો વિચાર કરશો તો
રૂપ, સ્પર્શ, વિષયતૃષ્ણા – આ બધા માટે નફરત છૂટી જશે.

બહેન !

આ અવતાર શીલસંપન્ન થઈને
'દેવી' થવા માટે છે, પશુ થવા માટે નહીં.
સ્ત્રી જો Original છે
તો એના જેવું Status બીજું કોઈ જ નથી.
ને જો એ ભ્રષ્ટ થઈ ચૂકી
તો એનાથી વધુ
નામોશી અને બરબાદી બીજી કોઈ જ નથી.
આટઆટલી રાણીઓ ને રાજકુમારીઓ
કાંઈ મૂરખી ન હતી,
કે શીલ માટે પોતાના પ્રાણોની ય આહૂતિ આપી દે,
અહીં જે ઘટનાઓ કહી છે,
તે તો ફક્ત એક ઝલક છે.
ઈતિહાસના લાખો પાનાઓ પર
આવી Originals ની સ્વર્ણિમ છબીઓ લાગેલી છે.

જે તમને એ જ સંદેશ આપે છે
**કે તમે સ્ત્રી થઈને**
**સ્ત્રીત્વને લજ્જિત ન કરતા.**
**વિશુદ્ધ શીલ પાળીને**
**સ્ત્રીત્વની આબરુ વધારજો,**
**એના ખાતર બીજું બધું જ જતું કરજો.**
**પણ એને સાચવી લેજો.**
જે છુપાવવું પડે, જે આજીવન ડંખતું રહે,
જેનાથી કુળને કલંક લાગે
જેનાથી મા-બાપને આઘાત લાગે
જેની બધા જ ધર્મોએ-બધા જ ભગવાનોએ
સાફ સાફ ના પાડી છે.
તમારો અંતરાત્મા પણ જે કરવાની ના પાડે છે
જેના પરિણામો દુઃખદ અને ભયાનક છે.
તેને દૂરથી છોડીને
Original બની રહેવામાં જ Benefit છે.
Wish you all the best.

✺

# લગ્ન પહેલા (ભાગ–૩)

## ન વાંચો તો પૂરું જોખમ

## ❀ 13 અમંગળોનું પેકેજ - પુલ પાર્ટી ❀

(૧) કોઈના શરીરના ગોપનીય અંગ દેખાઈ જાય, એ અપમંગળ હોય છે. **अहिट्ठाणं दिट्ठं** - આવા આગમમાં અપમંગળસૂચક શબ્દો છે. સામૂહિક તરણ-તળાવ સ્નાનમાં ભીના કપડા શરીરને ચોંટી જવાથી - ભયંકર અપમંગળ સર્જાય છે.

(૨) પુલ-રિસોર્ટ વગેરે સ્થાનો વ્યભિચારો, દુરાચારો, છેલ્લી કક્ષાના અનાચારો, છેલ્લી કક્ષાના વ્યસનો અને પાપોથી ખદબદતા હોય છે. દુનિયાભરના અઢળક પાપોથી એ આખું સ્થાન અશુભ બન્યું હોય છે. અશુભ સ્થાને શુભ પ્રસંગ કરવો એ પણ મોટું અપમંગળ છે.

(૩) શરીરનો સ્વભાવ છે કે ચારે બાજુથી ઠંડું પાણી અડે એટલે લઘુશંકા થાય. કોઈને ખબર નથી પડવાની એમ સમજીને કેટલાક જણ વધુ તસ્દી લેવાને બદલે ત્યાં જ શંકા ટાળી દેતા હોય છે. આ પાક્કા સમાચાર છે. આવા ગંદા પાણીમાં પડવું-રહેવું વગેરે દ્વારા અપમંગળ સર્જાયા વિના રહેતું નથી. શુભ પ્રસંગે અશુચિલેપન એ મોટું અપમંગળ છે. (વ્યવહાર આગમ ભાષ્ય - **दव्वम्मि विट्ठमादिलित्तो** उ)

(૪) બધા હો હા ને હા હા કરતા હોય, ત્યારે અંતરાયમાં રહેલા બહેનો ખૂણો પાળી શકતા નથી, તેઓ હકીકત જણાવ્યા વિના તરણ તળાવમાં પડે છે (આ પાક્કા સમાચાર છે.) ને શુભ પ્રસંગનો ઘડો લાડવો થઈ જાય છે. મર્યાદાલોપથી ભયંકર અપમંગળ સર્જાય છે. અંતરાય-મર્યાદા પૂર્ણ વૈજ્ઞાનિક છે, અને એનું પાલન ખૂબ જ જરૂરી છે. આવું આધુનિક નિષ્ણાતો પણ માને છે.

ઋતુવંતી તુમે અળગી રાખો, ઘર કારજ કાંઈ મત ભાખો,
અન્ન-પાણી શય્યા દૂર રાખો - પૂ.રત્નવિજયજીકૃત સજ્ઝાય

નાત સર્વે અભડાવી જમતી દુર્ગતિમાં બહુ ભમશે.
- પૂ.ઋષભવિજયજીકૃત સજ્ઝાય

ભણવું ગણવું ન વાંચવું રે, ભોજન પાણી ન પાવું,
લગ્ન વિવાહ સીમંતના રે, ગીત ગાવા ન જાવું.
- પૂ.ખીમચંદજીકૃત સજ્ઝાય.

(૫) પરપુરુષો અને પરસ્ત્રીઓને નિર્વસ્ત્રપ્રાયઃ સ્થિતિમાં જોવાથી + તેનાથી સહજ રીતે ઉદ્ભવતા ગંદામાં ગંદા વિચારોથી આખું વાતાવરણ કલુષિત, મલિન અને ભાવદુર્ગન્ધમય થઈ જાય છે. પરિણામે ખતરનાક અપમંગળ સર્જાય છે.

**(आलम्बनैः प्रशस्तैः प्रायोः भावः प्रशस्त एव यतः - ષોડશક)**

(૬) માનવસ્વભાવની નબળી કડી એવી છે કે એક વાર જેના પ્રત્યે ખૂબ જ નજર બગડી, પછી એની સાથેની મર્યાદા તૂટતી તૂટતી છેલ્લી પાટલીએ પણ જઈને બેસે એ સંભવિત બને છે. આ રીતે કેટકેટલા દુરાચારો ને વ્યભિચારોના શિલાન્યાસો જે પ્રસંગે રચાય, એ પ્રસંગ પોતે જ અજોડ અપમંગળ બની જાય છે.

(૭) પુલ-પાર્ટીમાં સ્થાનિક સ્ટાફ, કેટરીંગ સ્ટાફ, મ્યુઝિક સ્ટાફ વગેરે હોય છે. ઘણા અમુક જાતિના પણ માણસો હોય છે. તે બધા આપણી વહુ-દીકરીઓને તદ્દન બીભત્સ દશામાં જુએ, એમના માટે ગંદામાં ગંદા વિચારો કરે ને તક મળે તો એમને શીલભ્રષ્ટ કરે એવું આયોજન કરવું એ આયોજક પરિવારનું આજીવન અપમંગળ બને છે, તેનાથી શરીરોમાં રોગો, માનસિક ટેન્શનો, પરિવારમાં ઝગડાઓ, ધંધાકીય આફતો વગેરે કંઈ ને કંઈ ચાલ્યા જ કરે છે.

(૮) દશવૈકાલિક આગમમાં કહ્યું છે - **धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो** – અહિંસા, સંયમ અને તપ આ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, આના

પરથી જ પુરવાર થાય છે કે પુલ પાર્ટી એ ઉત્કૃષ્ટ અપમંગળ છે. અપકાયના જીવોની ભયંકર હિંસા, પવિત્ર સંબંધોમાં પણ દૃષ્ટિદોષ વગેરેનું ભયંકર અસંયમ અને સમૂહ રાત્રિભોજન દ્વારા તપધર્મની ઘોર આશાતના - પછી ઘર સંસાર ભડકે બળે એમાં શું આશ્ચર્ય ?

(૯) કન્યાદૂષણ એ શાસ્ત્રોમાં મોટું પાપ મનાયું છે. જેનાથી કૌમાર્યવાળી અવસ્થામાં શીલભંગ થાય અને એક દીકરીની જિંદગી બગડે. પુલ-પાર્ટી જેવા નિમ્ન કક્ષાના આયોજનથી અનેક કન્યાઓની જિંદગી બગડે છે. આપણી સંસ્કૃતિમાં હત્યા કરતા પણ શીલભંગનું પાપ વધુ મોટું ગણાયું છે. આવા પાપો કરવા માટેની ઉશ્કેરણી આ આયોજનથી થાય છે. માટે એ મોટું અપમંગળ થાય છે.

(૧૦) આગમમાં કહ્યું છે - **एगेण कयं अकज्जं आयरइ तप्पच्चया पुणो अण्णो** - એક વ્યક્તિ ખોટું કામ કરે, તેનું આલંબન લઈને બીજા ખોટું કામ કરે, બસ, આ રીતે અનવસ્થા ચાલે. અપમંગળમય એક આયોજનના પછવાડે જેટલા અપમંગળમય આયોજનો થાય, એ બધા અપમંગળોની હારમાળા પણ એ આયોજકના ગળે આવે છે.

(૧૧) દૃષ્ટિદોષ એ ચાક્ષુષ પ્રકારના વ્યભિચારમાં આવતો હોય છે. આ રીતે આવું આયોજન વ્યભિચારનો અખાડો બનતું હોય છે. છતાં એમાં જો કોઈ આ દોષથી ટોટલી બચી જાય, તો એમને આ કાળના ભગવાન માનીને એમના નામની માળા ફેરવવી જોઈએ. એવી વ્યક્તિ હજારે એક પણ મળશે ખરી ? એવી પવિત્ર વ્યક્તિ હોય, એ આવા અપવિત્ર વાતાવરણમાં જાય ખરી ?

(૧૨) જો તમારી દલીલ છે કે આ એક નિર્મળ મનવાળું મનોરંજન છે, તો યા તમે અંધારમાં છો, યા તમે દંભી છો. છાપામાં રોજબરોજ દાદા-પપ્પા-દિયર વગેરેનો ભોગ બનતી નારીની વાત આવતી હોય, ધર્મગુરુઓ પાસે પોતાના ઘરના જ પવિત્ર સંબંધોમાં ઘોર

પાપો કર્યાના કન્ફેશન આવતા હોય. જે સમાજોમાં ૭૭ પેઢીઓમાં ડિવોર્સ જેવી વસ્તુ જ ન હતી, ત્યાં ડિવોર્સ કોમન બની ગયા હોય... ને છતાં આપણને એમ લાગતું હોય કે આ બધું તો નિર્મળ મનોરંજન જ છે, તો અપમંગળોની આવી વકીલાત દ્વારા આપણે જ સમાજનો સત્યાનાશ વાળી રહ્યા છીએ. ચોરી પર શિરજોરી જેવું આ વલણ પણ મોટું અપમંગળ બની રહે છે.

(૧૩) સૌથી મહત્ત્વની વાત એ છે કે આવતી કાલે જેને પરણવાનું છે. જેની સુશીલતા અને લજ્જાના આધારે જ લગ્નજીવન ટકવાનું છે, એને લગ્નના આગલા દિવસે સાસુ-સસરા-જેઠ-દિયરથી માંડીને અઢળક પરપુરુષો અને છેલ્લી કાસ્ટના લોકો સમક્ષ નફ્ફટ નાચ નચાવવા દ્વારા આખા લગ્નજીવન પર પેટ્રોલ છાંટીને આગ લગાડવા જેવી વાત છે. જેમાં સોલિડ અપમંગળ સિવાય બીજું કશું જ નથી. આગમ કહે છે -

**लज्जाविणासे स व किं ण कुज्जा**

જેની લજ્જાનો જ નાશ થઈ ગયો

એ પછી કયું પાપ નહીં કરે ?

* * * * *

શાસ્ત્રો કહે છે ...

**नामं पि तस्स असुहं, जेण णिद्दिट्ठाइ मिच्छपव्वाइ ।**

**जेसिं अणुसंगाओ, धम्मीण वि होइ पावमई ।।**

***જેઓ ખોટા પ્રસંગોનો નિર્દેશ કરે છે,***

***(જેમ કે સંગીતસન્ધ્યા, પુલ-પાર્ટી, રેઈન ડાન્સ, રિસેપ્સન, પ્રિવેડિંગ વગેરે)***

***એમનું નામ લેવું એ પણ અપમંગળ છે.***

***(એવા પ્રોગ્રામ્સના આયોજક/નિર્દેશકનું નામ પણ લેવાથી***
***આપણે શરીરમાં રોગ/ધંધામાં ખોટ/ઘરમાં કંકાસ***
***વગેરે દુઃખોને ભોગવવા પડે.)***

***કારણ કે એવા પ્રોગ્રામ્સમાં આવવાથી***
***ધર્મીઓને પણ પાપમતિ જાગે છે.***
***એમના નિર્મળ મન પણ ગંદકીથી ખરડાઈ જાય છે.***

अइसयपावियपावा० धम्मिअपव्वेसु तो वि पावरया ।
न चलंति सुद्धधम्मा, धन्ना केवि पावपव्वेसु ।।

***કેટલાંક ખૂબ જ પાપી હોય છે,***
***જેઓ ધાર્મિક પર્વોમાં ય પોતાના પાપમાં જ***
***રમતા રહે છે,***
***તો કેટલાક એવા ધન્ય જીવો હોય છે,***
***જેઓ ગમે તેટલા પાપના પર્વો આવે***
***(ઉપરોક્ત અભદ્ર કાર્યક્રમોના આમંત્રણો આવે,)***
***તો ય***
***તેઓ પોતાના શુદ્ધ ધર્મથી બિલકુલ ચલિત થતા નથી.***
***ભૂલે ચૂકે એમાં ભાગ લેવાની મૂર્ખામી કરતા નથી.***

બોલો, કેવી છે તમારી લક્ષ્મી ?

लच्छी वि होइ दुविहा एगा पुरिसाण खवइ गुणरिद्धिं ।
एगा य उल्लसंती, अपुण्णपुण्णाणुभावाओ ।।

***બે પ્રકારની લક્ષ્મી હોય છે,***
***(૧) જે માણસની ગુણસમૃદ્ધિને ખલાસ કરી દે.***
***(૨) જે માણસની ગુણસમૃદ્ધિનો વિકાસ કરી દે.***
***પહેલી લક્ષ્મી પાપોદયનું ફળ હોય છે,***
***બીજી લક્ષ્મી પુણ્યોદયનું ફળ હોય છે.***

તમને જેવું સુઝે છે, જે રીતે તમે પૈસા વાપરો છો. તે જ સાબિત કરે છે કે તમારું ભવિષ્ય કેવું છે. સારી જગ્યાએ વાપરશો તો બધું સારુ થશે. ખરાબ જગ્યાએ વાપરશો તો બધું ખલાસ થશે.

– ષષ્ટિશતક ગ્રંથ

# લગ્ન પહેલા (ભાગ-૪)

## ❀ સાત સત્યાનાશ ❀

વર્તમાનમાં એક ટ્રેન્ડ છે - પ્રિ વેડિંગ ફોટો વિડિયો શૂટ. લગ્નની Add ઉપરાંત એની પાછળના ઉદ્દેશ્યો એવા છે કે દુનિયા જાણે કે બે વિશિષ્ટ વર-વધૂ પરણી રહ્યા છે. જેઓ બહુ રૂપાળા છે, ફોરવર્ડ છે, બિન્ધાસ્ત છે, પરસ્પરના પ્રેમમાં ડૂબેલા છે. એક બીજાને બહુ જ ચાહે છે, ને એમના અત્યંત અત્યંત સુખમય જીવનની શરૂઆત થવા જઈ રહી છે, બોલો, હજી વિશ્વાસ નથી પડતો ? તો જુઓ એની ઝલક..

આમ તો કેટલી આકર્ષક વાત છે ને ?... પ્રાચીન પરિભાષામાં આને અવિચારિતરમણીય યોજના કહેવાય, તમે એના પર વિચાર ન કરો, ત્યાં સુધી રમણીય લાગે, ને વિચાર કરો એટલે એની બધી જ રમણીયતા વિખેરાઈ જાય. એટલું જ નહીં એ સત્યાનાશોની લંગાર ખડી કરી દે. ચાલો જરા જોઈએ... કેવી છે એ લંગાર...

### સત્યાનાશ-૧ : જોખમી સફર

છગને મગનને પૂછ્યું કે ''તારું તો મીના સાથે ગોઠવાવાનું હતું ને, તું તો રોજે રોજ એક પ્રેમપત્ર એને લખતો હતો, પછી શું થયું ?'' મગન કહે, ''હું એને બહુ સારા સારા પ્રેમપત્ર લખતો હતો, રોજે રોજ લખતો હતો, માટે એ પ્રેમપત્ર લાવનાર પોષ્ટમેનને જ એ પરણી ગઈ.''

પ્રી વેડિંગ-શુટિંગ ટ્રીપમાં કેટલીક વાર એવી ઘટના બનેલી છે કે કન્યાએ પછી એ સગાઈ ફોક કરીને ફોટોગ્રાફર કે વિડિયોગ્રાફર સાથે મેરેજ કરી લીધા હોય. કેટલાંક કેસોમાં એવું નથી બન્યું પણ કન્યાના લગ્ન બાદ તેમની સાથે લફરા ચાલુ થયા છે. જેના કારણો આ મુજબ છે.

**(૧) સાથે જર્ની-હસી-મજાક કરવાથી પરસ્પર ઢોળાવ થયા હોય છે.**
**(૨) પરસ્પરના અંગોપાંગ જોયા હોવાથી ખેંચાણ થયા હોય છે.**
**(૩) રૂપ કે કળાની પ્રશંસાથી કન્યાની ખરીદી જેવું થયું હોય છે.**
**(૪) ટ્રીપ દરમિયાન અવારનવાર વરની ગેરહાજરી-એકાન્ત મળ્યું હોય છે.**

**(૫) અભદ્ર કપડા, વડીલોની ગેરહાજરી, નિર્મર્યાદ માનસ, ખરાબ/ એકાન્ત જગ્યા - આ બધા કારણોસર ન બનવાનું બની જાય એ સહજ છે.**

પોતાની ભાવિ પત્નીને અત્યારથી ભ્રષ્ટ કરવાનું અજાણે રચેલું કાવતરું એ પહેલું સત્યાનાશ બની રહે છે. મનીષા નામની કન્યાએ લગ્ન પહેલા આ સત્યાનાશ વહોરી લીધો હતો. (નામ બદલ્યું છે) શુટિંગ વખતે બીજું તો કશું ન'તું થયું, પણ પરસ્પરના પરિચયના અને થોડી લાગણીના બીજ વવાઈ ગયા હતા. ક્યારેક ક્યારેક વિડિયોગ્રાફર સાથે ફોન પર વાત થતી હતી. વિડિયોગ્રાફર એણે આપેલા ખરાબ દશ્યો પર કોમેન્ટ્સ કરતો, મનીષાને ગલગલિયા થતા, એ ધીમે ધીમે ઢળતી જતી હતી. એક વાર ઘરમાં કંઈક ઝગડો થયો. સંસારમાં એ તો થવાનું જ છે, મનીષાનું મગજ ફટક્યું. એ જાતે જઈને પોતાનું શીલ વેચી આવી. પછી એને પસ્તાવો પણ થયો, એણે મનોમન નક્કી કર્યું કે હવે એ કદી એવું નહીં કરે. ત્રણ દિવસ પછી વિડિયોગ્રાફરે એને બોલાવી. એણે સાફ ના પાડી દીધી, તો એણે એક વિડિયો બતાવ્યો. મનીષાના માથે આકાશ તૂટી પડ્યું. હવે ઘર-સંસાર બચાવવા માટે એણે બ્લેક-મેઈલ થયા સિવાય કોઈ છૂટકો જ ન હતો. પ્રી-વેડિંગની એક જ ભૂલથી મનીષા કાયમ માટે રોતી આંખે ય શીલભ્રષ્ટ થતી રહી. પોતાનું સત્યાનાશ વાળનારને ઉપરથી રૂપિયા અને દાગીના આપતી રહી, અને એનું ઘર હરહંમેશ કુરુક્ષેત્ર બની ગયું.

કોઈ કવિના શબ્દો છે -

**शापमय जीवन कटा है द्वन्द्व में संघर्ष में,**
**कुण्डली में स्वयं शनि का ग्रह रहा हू आज भी !**

શા માટે હાથે કરીને મામા બનો છો ? રૂપિયા ખર્ચીને સત્યાનાશ નોતરનારા આયોજનો કરો છો ? પરપુરૂષ સમક્ષ દેહપ્રદર્શનનો સીધો અર્થ જાતીય અપીલ અને દુરાચારનું ખુલ્લું આમંત્રણ છે. પછી મારો

એવો કોઈ ભાવ ન હતો, એવું કહેવાનો કોઈ અર્થ રહેતો નથી. એક તો પરપુરૂષ ને એ ય શિકારી. સગો બાપ શિકારી થઈ શકતો હોય ત્યાં કોના પર વિશ્વાસ રખાય ?

નીતિવાક્યામૃતમ્ કહે છે -

**तावत् सर्वोऽपि शुचिर्निःस्पृहो वा,**
**यावत् न परवरस्त्रीदर्शनमर्थागमो वा ।**

***જ્યાં સુધી બીજાની રૂપાળી પત્ની ના દેખાય કે પૈસા ના દેખાય, ત્યાં સુધી બધા પવિત્ર કે નિઃસ્પૃહ હોય છે.***

જે પોતાના ઘરની આબરૂ થવા જઈ રહી છે, એમને એમના હવાલે કરવાના આયોજનો કરવા, એ માટે પહેલાથી જ એને એમની સામે ખરાબ સ્થિતિમાં પ્રસ્તુત કરીને બેઆબરુ કરવી, આ મેરેજ નથી પણ મૂર્ખામી છે. નર્યો સત્યાનાશ છે.

**न जाने कितनी सारी बेडियों को**
**पहन लेते है हम गहना समझकर ।**

## સત્યાનાશ – ૨ : અનૈતિક સ્પર્શ

છગને મગનને પૂછ્યું, ''પત્નીને વાવાઝોડાની સાથે સરખાવી શકાય ?'' મગન કહે, ''વાવાઝોડાની અસર તો એક-બે દિવસ જ રહેતી હોય છે.''

લગ્ન પણ એ એક જાતની દીક્ષા છે. દીક્ષામાં આજીવન સર્વ વિજાતીયનો ત્યાગ કરવાનો હોય છે. લગ્નમાં આજીવન એક પાત્ર વિના બાકીના સર્વ વિજાતીયનો ત્યાગ કરવાનો હોય છે. સંયમ, સદાચાર, મર્યાદાપાલન વગેરે વિના લગ્નનો નિર્વાહ કરવો એ શક્ય જ નથી. જેના મનમાં એવી દૃઢ માન્યતા હોય કે પરિણીત પાત્ર સિવાય બીજા કોઈને હરગીઝ ન અડાય. એ જ આ સંબંધને નિભાવી શકે છે. હજી લગ્ન થવાના બાકી છે. તેથી સામેનું પાત્ર છે એ પરિણીત નથી. એને અડવું એની સાથે અડપલા કરવા એ અનૈતિક સ્પર્શ છે. ભાવિ પતિ સાથે

પણ આ એક વ્યભિચાર જ છે. માટે આ અપમંગળ અને સત્યાનાશ છે. જે જિંદગીને જ વાવાઝોડું બનાવી દે છે.

દક્ષિણ ગુજરાતમાં એક મેરેજ થયા, અફકોર્સ પ્રિ-વેડિંગ સાથે. લગ્ન બાદ એ વધૂને એની એક અંગત સખી મળી. એણે માર્ક કર્યું કે સ્કુલ લાઈફમાં જે મર્યાદાશીલ હતી, એની લગ્ન બાદ મર્યાદાઓ ઘણી ઓછી થઈ ગઈ છે. ને એ જે રીતે હરે-ફરે છે એ લક્ષણો પણ સારા જણાતા નથી. એણે સોગંદ આપીને પૂછ્યું, તો એણે કબૂલ કર્યુ કે એ આઉટલાઈન પર ચડી ગઈ છે. ''પણ તું તો કેટલી સુશીલ હતી !'' આશ્ચર્ય અને આઘાત સાથે સખીથી બોલાઈ ગયું, એણે કહ્યું, ''હા, પણ મારી સુશીલતામાં કાડકો લગ્ન પહેલા જ પ્રિ-વેડિંગ થી બોલાઈ ગયો. જેની સાથે હજી સુધી મેરેજ નથી થયા, એની સાથે પણ બધું જ થઈ શકે, એવું મારા સબકોન્સિયસ માઈન્ડમાં સ્ટોર થઈ ગયું. મોબાઈલમાં ખરાબ પ્રોગ્રામ્સ જોઈ જોઈને મારું મન ચંચળ તો બન્યું જ હતું. થોડી ખાનદાની મર્યાદાના કારણે હું બચીને રહેતી હતી, એના પ્રિ વેડિંગે ફુરચે ફુરચા ઉડાવી દીધા. ને હું બદ્‌ચલન બની ગઈ. મને ખબર છે હું જે કરું છું એ ખોટું છે. મને ખબર છે મારી આવી દશાને કારણે ઘરમાં સખત ઝગડાઓ થાય છે, ને મારા ઘર-સંસારનો સત્યાનાશ વળી ગયો છે, છતાં હવે હું ફરી સુશીલતા કેળવી શકું એમ નથી. એક સારી કેરી બગડી શકે છે, એક બગડેલી કેરી ફરી સારી થઈ શકતી નથી.

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય કહે છે -

**तमूचे पुष्पलावी सा, मा मा मां स्पृश पाणिना ।**
**कुमार्यस्मि न पुंस्पर्श-मद्याप्यर्हामि मालिक ! ॥**

***માળીને ફૂલો લેનારી કન્યાએ કહ્યું,***
***નહી નહી, તમે મને હાથથી અડો નહીં,***
***હું કુંવારી છું, હું પુરુષના સ્પર્શને યોગ્ય નથી.***

બસ, આટલામાં બધું જ સત્ય સમાઈ જાય છે ને એની ઉપેક્ષા

કરો તો સત્યાનાશ પણ નિશ્ચિત છે. યાદ આવે પેલી કવિતા -

**बाढ की संभावनाए सामने है,**
**और दरिया के किनारे घर बने है ।**

## સત્યાનાશ – ૩ : નફ્ફટતા

છગનનો છોકરો સ્કુલે ગયો હતો, ત્યાં ટિચરે એને પ્રશ્ન કર્યો, ''તને ઘરમાં કોણ વધુ પ્રેમ કરે છે ? મમ્મી કે પપ્પા ?'' ચિંટુ કહે, ''મમ્મી'', ટિચરે કહ્યું, ''એકદમ બરાબર, એનું કારણ તને ખબર છે ?'' ચિંટુએ કહ્યું, ''હા, જ્યારે મમ્મી અને પપ્પાનો ઝગડો થાય છે, ત્યારે હું મમ્મીને સમયસર વેલણ, સાવરણી, ચપ્પલ વગેરે પહોંચાડું છું.''

પહેલા ચિંટુની મમ્મી લાજ-શરમ ગુમાવીને નફ્ફટ બને છે, ને પછી Home-war ની શરૂઆત થાય છે. પ્રિ-વેડિંગ ત્રીજું સત્યાનાશ એ નોંતરે છે કે એ કન્યાને લગ્ન પહેલાથી જ નફ્ફટ બનાવી દે છે. જાહેરમાં ટૂંકા-આછા-અભદ્ર કપડા પહેરવા, બીભત્સ દેખાવમાં બીભત્સ ચેષ્ટાઓ સાથે પોઝ આપવા અને શુટિંગ કરાવવું. આના માટે એક જ લાયકાત કેળવવી જરૂરી હોય છે, જેનું નામ છે નફ્ફટતા. ને આ લાયકાતનો જેમ જેમ પ્રયોગ થતો જાય છે, તેમ તેમ તે વ્યક્તિ વધુ ને વધુ નફ્ફટ બનતી જાય છે, આખા ઘરનો ને આખા જીવનનો સત્યાનાશ વાળી દેવા માટે નફ્ફટતાની આ એક જ લાયકાત પૂરી થઈ પડે છે. વ્યવહાર આગમ ભાષ્ય કહે છે -

**लज्जाविणासे स व किं ण कुज्जा ?**

***એક વાર એની લજ્જાનો વિનાશ થઈ ગયો***
***એ નફ્ફટ બની ગઈ.***
***પછી તો એ કયું પાપ-કયો અપરાધ નહીં કરે ?***

અગણિત દોષોને લજ્જા અટકાવી રાખે છે લજ્જાના જતાની સાથે એ બધા દોષો વ્યક્તિ પર એક સાથે ત્રાટકે છે. ક્રાઈમ અગેઈન્સ્ટ મેન

નામની એક સંસ્થા છે. જેમાં વર્ષે એક લાખ પત્નીપીડિત પતિઓના ફોન આવે છે. પહેલા પુરુષત્વના અભિમાનથી પતિઓ બોલતા ન હતા, હવે તેઓ રોતા રોતા પોતાની કથા-વ્યથા જણાવે છે. કેટલાય કિસ્સાઓમાં પત્નીઓ પતિની માર-પીટથી આગળ વધીને તેમને ગંભીર ઈજાઓ કરતી હોવાનું અને તેમના શરીરમાં નિર્દય કાપકૂપ કરતી હોવાનું પણ બહાર આવી રહ્યું છે.

અનેરીના એંગેજમેન્ટ થયા. (નામ બદલ્યું છે) પ્રિ-વેડીંગમાં જતા પહેલા સુધી એ એક શાલીન કન્યા હતી. ભલે ઘરે એ થોડી છૂટથી વર્તતી, પણ સાસરામાં એ લાજ-મર્યાદા જાળવે એટલી યોગ્યતા તો એનામાં હતી જ. પ્રિ-વેડીંગમાં એની લાજ-શરમના ફુરચે ફુરચા ઉડી ગયા. એણે લોકલાજ અને પતિની આમાન્યા બંને ગુમાવી દીધા. લગ્ન પછી એ છેલ્લી કક્ષાએ નફ્ફટ બની. બે જ મહિનામાં સરસ ઘર છોડીને ભાડાના ઘરમાં જવું પડ્યું. પતિ જાણે એનો પગારદાર નોકર હોય એવું વર્તન હતું. ગુસ્સો આવે એટલે જે હાથમાં આવે એ લઈને એનો છૂટ્ટો ઘા કરે, એક વાર ગેસ લાઈટરનો ઘા કરતા પતિના ચશ્મા ફૂટી ગયા અને આંખમાં ગંભીર ઈજા થઈ. રોજની નવી નવી માંગણીઓ, જીદ, બેફામ અપશબ્દો... અપેક્ષા તૂટે એટલે વીફરેલી વાઘણ જેવું એ વર્તન કરતી. છેવટે એનો પતિ હતાશામાં ગરકાવ થઈ ગયો. ક્લિનિંગ માટેનું એસિડ પીને એણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો. કદાચ બચી જઈશ તો એવા ડરથી એણે ઉંઘની ગોળીઓ પણ ગળી લીધી અને કાયમ માટે સૂઈ ગયો. અનેરી વિધવા બની, એક દીકરો થયો હતો એ અનાથ બન્યો. અનેરી પોક મુકીને રડી, પણ હવે શું થાય ?

કોઈએ ખરું જ કહ્યું છે -

**ढूंढने निकले थे हम तो एक खुशी ।**
**हाथ में गम के खजाने आ गये ।**

ખરી ટ્રેજેડી ફક્ત એક અનેરીની નથી. આજે પણ પ્રિવેડીંગનો

રાક્ષસ હજારો અનેરીઓને ચૂંથી રહ્યો છે, મસળી રહ્યો છે, ખલાસ કરી રહ્યો છે. એની ખરી ટ્રેજેડી છે. એ હજારોને બચાવી લેવાની તો તમારી તાકાત નથી, શું તમારું ઘર બચાવી લેવાની પણ તમારી તાકાત નથી ?

છગનની લગ્ન વિધિ ચાલી રહી હતી. ગોર મહારાજ બોલ્યા- કન્યા પધરાવો સાવધાન. કન્યા આવી એટલે છગને પૂછ્યું, ''એને મારી જમણે બેસાડું કે ડાબે બેસાડું ?'' ગોર મહારાજે કહ્યું, ''જ્યાં બેસાડવી હોય ત્યાં બેસાડ, લગ્ન પછી તો તારા માથે જ બેસવાની છે.''

**સત્યાનાશની આ દાસ્તાન હવે અડધે પહોંચવા આવી છે. આગળની વાત કરું, એની પહેલા એટલું કહી દઉં કે અઢળક ગંદકીઓ તરફ તમે દોડી રહ્યા છો, ગંદકીઓને અપનાવી રહ્યા છો, પોતાને અને પોતાના પરિવારને ગંદકીઓથી ખરડી રહ્યા છો. ને આ બધી મૂર્ખામીઓ પાછળ તમારું એટલું જ ગણિત છે કે આપણે વેસ્ટર્ન, મોડર્ન, ફોરવર્ડ બનીને સુખી થઈશું, જે ગણિત સાવ જ ખોટું છે. જો આ ગણિત સાચું હોત તો પશ્ચિમની દર પાંચમી કન્યા કુંવારી માતા થઈને ગધેડાના બોજા સાથે જિંદગીથી દુઃખી ન થતી હોત. જો આ ગણિત સાચું હોત તો પશ્ચિમની નારી સ્મોક, દારૂ, ડ્રગ્સ, ડિપ્રેસન, માનસિક રોગો, પાગલપણું અને અપઘાતના પનારે ન પડતી હોત, જો આ ગણિત સાચું હોત તો અમેરિકામાં લાગણીભૂખ્યા માણસોથી ૨૦ હજાર મિલિયન ડોલર્સનો કૂતરા ઉદ્યોગ ન ચાલતો હોત. પશ્ચિમને સમજવું હોય તો એક બુક વાંચી જાઓ. જેનું નામ છે - અમેરિકા જતા પહેલા. પશ્ચિમનો ચહેરો સ્પષ્ટ થઈ જશે.**

ભારતીય સંસ્કૃતિએ જે મર્યાદાઓ બતાવી છે, એના પાલનથી ભારતીય નારીની રક્ષા બાળપણમાં પિતા, યૌવનમાં પતિ અને ઘડપણમાં પુત્ર કરે છે. અમેરિકા ને યુરોપની નારી પાસે એ ત્રણમાંથી એકેય નો પત્તો નથી. જિંદગીનો વિષમ પંથ એણે એકલા કાપ્યા સિવાય બીજો કોઈ જ વિકલ્પ નથી. ફ્રીડમ અને ફેશનની ખરી કોસ્ટ આ છે.

તમારી તકલીફ એ છે કે તમારે દૂધમાં ને દહીંમાં બંનેમાં પગ

રાખવો છે. તમારા પતિ કે પત્નીનું ચારિત્ર એકદમ ચોક્ખું હોવું જોઈએ. આવી પણ તમારી અપેક્ષા છે ને એમના ચારિત્રનો જુગાર ખેલ્યા કરવાનું તમે છોડી શકતા નથી. તમારા પતિ તમને સમ્માનભરી નજરે જુએ એવી તમારી અપેક્ષા છે, તમારી પત્ની એક ઘા ને બાર ટુકડાની જેમ તમને તોડી ન પાડે એવી તમારી અપેક્ષા છે, પણ તમારી ગરિમાના તમે જ ચૂરેચૂરા કરી દીધા હોય, પછી એ અપેક્ષાઓ સંતોષાવી શક્ય જ બને એમ નથી. તમારો દીકરો તમારો વિનય કરે, તમારી દીકરી તમારી વાતને ઝીલી લે, તમે એક સુખી પારિવારિક જીવન જીવો, ઘડપણમાં તમારા સંતાનો તમને સાચવે-આ બધા તમારા અરમાનોને પ્રિવેડીંગ જેવા તાગડધિન્ના કરીને તમે પહેલાથી જ નિષ્ફળ કરી ચૂક્યા હો છો. કોઈએ ખરું કહ્યું છે -

**दाना बनने निकले थे हम अपनी नादानी में,**
**अब जाकर यह ध्यान आया उम्र गइ बेध्यानी में ।**

યા મર્યાદાપૂર્ણ જીવન... સુશીલ-પ્રેમાળ પરિવાર... સુરક્ષિત ભવિષ્ય... આ એક વિકલ્પ પસંદ કરી લો... ને યા મર્યાદાલોપ...કુરુક્ષેત્ર ઘર ને દર્દભર્યું એકલવાયું જીવન... - આ વિકલ્પ પસંદ કરી લો. ઉત્તર ધ્રુવ ને દક્ષિણ ધ્રુવ બે'ય જગ્યાએ પગ રાખવો એ તો શક્ય જ નથી.

તમારી તાકાત છે કે તમારો સત્યાનાશ વાળનારા બધા જ નિમિત્તોને તમે ખતમ કરી દો. તમારી તાકાત છે કે પ્રિ-વેડિંગ અને એના જેવા કેટકેટલા શેતાનોને તમે સમાપ્ત કરી દો, પણ આજે તમે ઉપલો માળ ભાડે આપી દીધો છે, હિતાહિત તમે વિચારી શકતા નથી ને ઘેટાના ટોળા જેવા પ્રવાહમાં એક ઘેટા બનીને તણાતા જાઓ છો.

**चुना हमीं ने निशाना बनना**
**हमें भी आता था तीर होना ।**

## સત્યાનાશ – ૪ : જાહેર પ્રદર્શન

છગન ને એની પત્નીનો જોરદાર ઝગડો થયો, છગને એના

પ્રત્યાઘાતરૂપે છાપામાં જાહેરખબર આપી, કે ‘‘મારી પત્ની મારા નામે કાંઈ પણ ખરીદી કરશે તો એની જવાબદારી મારી નહીં રહે.’’ બીજા દિવસે એની પત્નીએ જાહેરખબર આપી - ‘‘તમારા નામે મને ઉધાર આપશે પણ કોણ ?’’

નીતિશાસ્ત્રો કહે છે કે વિગ્રહ (ઝગડો) અને વિષય (દાંપત્યચેષ્ટા) આ બે છાના જ શોભે. નહીં તો આબરુના ધજાગરા થાય. જેમ જાહેરમાં વિગ્રહ ન કરાય, એમ જાહેરમાં વિષય પણ ન કરાય. એમાં પણ વણિક્ કોમ તો સુતરાં તદ્દન ગુપ્તપણે વિષય સેવે. ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યે કહ્યું છે-

**सम्पदो विषयक्रीडा, दानं च छन्नमेव नः ।**
**अलं भवति शोभायै, शरीरमिव योषिताम् ।।**
**आत्मजातेरनुचितं, क्रियमाणं न शोभते ।**
**चरणे करभस्येव, बद्धं कनकनूपुरम् ।।**

***જેમ સ્ત્રીનું શરીર ઢાંકેલું જ શોભાસ્પદ બને છે,***
***એમ આપણે ત્યાં (વણિક કોમમાં) સંપત્તિ, વિષયચેષ્ટા***
***અને દાન આ બધું છૂપું હોય***
***તો જ શોભાસ્પદ બને છે.***
***જે પોતાની જાતિને અનુચિત છે.***
***એવું કરવું એ બરાબર એ જ રીતે નથી શોભતું.***
***જેમ કે ઊંટના પગે બાંધેલું સોનાનું ઝાંઝર.***

નીતિશાસ્ત્રોનો સ્પષ્ટ સંદેશ છે - શ્રી અને સ્ત્રી આ બે-ના પ્રદર્શનનું ગાંડપણ કદી કરશો નહીં. જો આવું ગાંડપણ કરવું જ હોય તો પછી એ બંનેને લૂંટાતા બચાવવાની આશા રાખશો નહીં. જે લોકો મરવા મારવાવાળા છે - એ પ્રદર્શન કરે તો ય લોકો એમના પનારે પડતા પડતા ૧૦૦ વાર વિચાર કરે, કોઈ બે પગલા આગળ આવવા જાય તો તેઓ ૧૦૦ પગલા પાછળ ફંગોળી દે. આપણે છીએ કાચા-પોચા

ને છતાં એ કોમો નથી કરતી એટલું પ્રદર્શન આપણે કરવા નીકળ્યા છીએ. તો સત્યાનાશ સિવાય બીજું કશું સંભવિત નથી.

ચાણક્યે નંદ રાજાને જીતીને ચંદ્રગુપ્તને રાજા બનાવ્યો. પાટલીપુત્રમાં ચન્દ્રગુપ્ત રાજા છે. ચાણક્ય મંત્રી છે. નવું નવું રાજ છે. ને ખજાનો ખાલી છે. શું કરવું ? એનો વિચાર કરીને ચાણક્ય એક પાર્ટી રાખે છે. એમા આખા નગરના લોકોને બોલાવે છે. બધાને દારૂ પીવડાવે છે. પછી ચાણક્ય પોતે ય દારૂ પીધો હોય, એમ ઊભો થઈ નાચે છે, હસે છે, ગાય છે ને બોલે છે – ''મારી પાસે બે ભગવા કપડા છે, ત્રિદંડ છે, સોનાનું કમંડલું છે ને રાજા મારા વશમાં છે. તો મારી ઝુંબરી (વાજિંત્ર) વગાડો.'' **तद्वादयत झुम्बरीम्**... એટલે ત્યાં રાખેલા એના માણસો ઝુંબરી વગાડે છે. એટલે એક શેઠ ઊભા થઈને નશામાં ગાતા-નાચતા કહે છે, 'એક હાથી એક હજાર યોજન સુધી જાય, એમાં જેટલા પગલા થાય, એ દરેક દરેક પગલે હું એક હજાર સોનામહોર મુકી શકું છું. તો મારી પણ ઝુંબરી વગાડો.'' ઝુંબરી વાગી એટલે બીજા શ્રેષ્ઠી ઊભા થયા, ગાતા-નાચતા કહે, '' એક આઢક જેટલા તલ વાવ્યા હોય, અને તેનો પાક થાય, તો જેટલા તલ બને, એટલા હજાર સોનૈયા મારી પાસે છે, તો મારી ઝુંબરી વગાડો.'' ઝુંબરી વાગી એટલે ત્રીજા પીધેલા ઊભા થઈ ગાતા-નાચતા કહે, ''ભયંકર ઝડપથી ગિરિનદી વહી રહી હોય, એમાં પણ પાછું ભયાનક પૂર આવ્યું હોય, એને હું મારે ત્યાં બનેલ એક જ દિવસના માખણની બનેલી તોતિંગ દીવાલથી રોકી દઉં, એટલી મારી પાસે ગાયો છે, તો મારી ય ઝુંબરી વગાડો.''

ઝુંબરી વાગી એટલે ચોથા ઊભા થયા. ગાતા-નાચતા કહે, ''મારે ત્યાં એટલા ઘોડા છે કે એમના રોજ રોજ એટલા વછેરા આવે છે કે એક દિવસના વછેરાના સ્કન્ધકેશોને ભેગા કરું તો એનાથી હું આખું પાટલીપુત્ર લપેટી શકું... તો મારી ય ઝુંબરી વગાડો.''

એક પછી એક બધાની ઝુંબરી વાગી ગઈ. ને પછી ચાણક્યે એમની પાસેથી જે વસૂલવાનું હતું, તે વસૂલી લીધું.

સંપત્તિની જાહેરાત એ જેમ સંપત્તિને ગુમાવવાનો રસ્તો છે. એમ સ્ત્રીની જાહેરાત પણ સ્ત્રીને ગુમાવવાનો રસ્તો છે. યા તમારે એને વેંચવી હોય તો એની જાહેરાત કરો યા તમારે એને લૂંટાવવી હોય તો એની જાહેરાત કરો. તમારે એને વેંચવી ય નથી, લૂંટાવવી પણ નથી. છતાં તમને એના પ્રદર્શનના ઓરતા થાય છે, એનો અર્થ એ છે કે તમે પીધેલા છો. તમે દેખા-દેખીનો દારૂ પીધો છે. તમે ગેરસમજોનો દારૂ પીધો છે. તમે પશ્ચિમની વિકૃતિનો દારૂ પીધો છે.

એક વાત હંમેશા યાદ રાખજો. સૂરજ પણ પશ્ચિમ તરફ જાય તો આથમી જાય છે.. ડુબી જાય છે. જો ઉદય અને અભ્યુદય જોઈએ છે, જો સુખ અને શાંતિ જોઈએ છે તો પૂર્વ તરફ જજો... લાજ-શરમ-મર્યાદાઓને સલામત રાખજો, અને આથમવું હોય-દુઃખી થવું હોય, બધી રીતે બરબાદ થવું હોય, તો પશ્ચિમ તરફ જજો.

તમે હીરો-હીરોઈન-મોડલના પનારે ચડીને પ્રદર્શનના રસ્તે દોડો છો, પણ એમની શું દશા છે ખબર છે ? પુષ્કળ યુવાનોની માંગ જુના જમાનાની હિરોઈનો માટે છે. ટૂંકમાં પતિ ભાડે લેવા માટે. તમારે આ દશામાં જવું છે ? હીરો/હિરોઈન કદી સુખી અને સ્થિર પારિવારિક જીવન માણી જ નથી શકતા. તમારે આ દશામાં જવું છે ? તેમના જીવનમાં પુષ્કળ આઘાત-પ્રત્યાઘાતો, દારૂ-સ્મોક-ડ્રગ્સના વ્યસનો અને જાતીય રોગો વ્યાપેલા હોય છે. તમારે આ દશામાં જવું છે ?

પત્નીના શરીરનું પ્રદર્શન, એના અંગોપાંગોનું પ્રસારણ, એની સાથેની વિષયચેષ્ટાની બેફામ જાહેરાત, આ બધું મૂર્ખામીની પરાકાષ્ઠા સિવાય બીજું કશું જ નથી. મગજ ચસ્કી ગયું હોય, બુદ્ધિનું બારમું થઈ ગયું હોય, વિનાશકાળે વિપરીતબુદ્ધિ - આ કહેવતનું આપણે દૃષ્ટાન્ત બન્યા હોઈએ, તો જ આપણે આવી મામાગિરી કરી શકીએ.

**કેટલી પછડાટ ખાધી બાદમાં,**
**ચાલવા ગયા'તા અમે અદ્ધર જરા.**

પ્રિવેડીંગના પ્રદર્શન પછી સ્મિતા બજારમાં ગઈ હતી. (નામ બદલ્યું છે) ત્યાં એને એક પડોશી યુવાન મળ્યો. એણે કહ્યું કે હું તને ઘરે છોડી દઉં. સ્મિતા એની ગાડીમાં બેઠી. એ ગાડીને બીજે લઈ જવા લાગ્યો. સ્મિતાએ કારણ પૂછ્યું, તો કહે ''પેટ્રોલ પૂરાવીને પછી જઈએ.'' સ્મિતાએ કહ્યું, ''ભલે.'' એ યુવાને એકાન્ત જગ્યામાં ગાડી ઊભી રાખી દીધી. ને સ્મિતા પર ભયંકર અત્યાચાર કર્યો. ઘણી ચીસા-ચીસ બાદ એક પોલિસની જ ગાડી આવીને ઊભી રહી ગઈ. પેલો યુવાન જેલભેગો થયો. સ્મિતા હોસ્પિટલ ભેગી થઈ. લગ્ન પહેલા પોસ્પોન્ડ થયા, પછી કેન્સલ થયા. યુવાન પર કેસ ચાલ્યો. એ યુવાને જે શબ્દો કહ્યા તે આ હતા- ''પ્રિવેડિંગના દશ્યો જોયા ત્યારથી મને એના પ્રત્યે...''

અનિષાનો કેસ લગભગ આવો જ હતો. (નામ બદલ્યું છે) ફરક એટલો હતો કે એમાં લગ્ન પછી દુર્ઘટના થઈ. અત્યચારના જખમ ઉપર ડિવોર્સનો ઘા થયો. અનિષાએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી દીધું. ઋચાના કેસમાં એ દિયરના અત્યાચારનો ભોગ બની. (નામ બદલેલ છે). એના પતિએ એના સગા ભાઈનું ખૂન કરી દીધું. સિમોની અને ચાર્મીના કેસોમાં (નામ બદલેલ છે.) અત્યાચારનું સ્થાન અફેર્સે લીધું હતું. લગ્નજીવન સંઘર્ષમય થઈ ગયું. પ્રિ-વેડિંગનો અર્થ પ્રિ-ડાઈંગ અને પ્રિ-મર્ડર છે. પાગલપણાની હદ સિવાય એ શક્ય જ નથી.

**आग अपने ही लगा देते है,**
**गैर तो सिर्फ हवा देते है ।**

## સત્યાનાશ – ૫ : જાહેર પ્રશંસા

છગનની પત્ની ને મગનની પત્ની ભેગી મળી, છગનની પત્ની કહે, ''તું કદી તારા પતિની પાસે જુઠ્ઠું બોલે ?'' મગનની પત્ની કહે,''ક્યારેક ક્યારેક એમના વખાણ તો કરવા જ જોઈએ ને ?''

વખાણ કરવા જુઠ્ઠું બોલવું પડે, એનો અર્થ એ છે કે હકીકતમાં

વખાણવા જેવું કશું છે જ નહીં. કૃત્રિમ-મેક અપ વગેરેનું સૌન્દર્ય, કૃત્રિમ-કપડાનું સૌન્દર્ય, કૃત્રિમ-જગ્યાનું સૌન્દર્ય, કૃત્રિમ-પ્રેમના ઉભરા- આ બધાના જુટ્ઠા વખાણ એટલે પ્રિ-વેડિંગ. વર-કન્યા બે'ય આ ફોટા-વિડિયા જોઈ જોઈને શેખચિલ્લીના સુખના સપના જોયા કરે છે, ને પછી જ્યારે વાસ્તવિકતાના જીવનમાં પ્રવેશ કરે છે, ત્યારે બે'યનું મન એક-બીજા પરથી ઉતરી જાય છે.

વેદાન્તે લગ્નના પાંચમા દિવસે પત્નીને ડિવોર્સ આપ્યા, કારણ એ કહ્યું કે ત્રણ દિવસથી હું સવારે ઉઠીને એને જોતો હતો-આંખનો મેલ, નાકનો કફ, મોઢાની લાળ... પ્રિવેડિંગના વિડિયો જોઈ જોઈને હું આકાશમાં ઉડવા જેવા સપના જોતો હતો, એમાંથી સીધો ધરતી પર પટકાયો હોઉં એવી પીડા મને થઈ રહી છે. હું એની સાથે એક દિવસ પણ રહી શકું એમ નથી. પત્ની વેદાન્તના પગે પડી, ''પ્લીઝ, મારી જિંદગી બગડી જશે.'' એના સાસુ-સસરા કેટલા કરગર્યા, એના મમ્મી-પપ્પાએ પણ કહ્યું કે, ''એ તો શરીરનો નેચર છે, એમાં એનો શું ફોલ્ટ છે ?'' વેદાન્તે ચોક્ખું સંભળાવી દીધું, ''મારું મન એના પરથી ઉઠી ગયું છે.''

**આખી દુનિયાની નારીઓએ બધી જ પશ્ચિમી વિકૃતિઓની સામે વીફરેલી વાઘણ થઈને ધસી જવા જેવું છે, કારણ કે એનું સૌથી ઝડપી અને સૌથી વધુ નુકશાન નારીઓ વેઠી રહી છે. પણ કમનસીબે એમને ય આ ડાકણોમાં પરી દેખાય છે. પરિણામે નારી બરબાદ થાય છે ને એની પાછળ પરિવાર (પિયર-સાસરું) બરબાદ થઈ જાય છે.**

પ્રિવેડિંગ એ એક પ્રકારની જાહેર પ્રશંસા છે - જેમ કે -

(૧) મારા પતિ/પત્ની ખૂબ સુંદર છે.

(૨) મારા પતિ/પત્ની ખૂબ રંગીન છે.

(૩) એમના/એના સહવાસમાં ખૂબ સુખ મળે એમ છે.

આની સાથે એક ઈન્ડાઈરેક્ટ સંદેશ હોય છે,''તમે પણ અનુભવ કરો.'' મીઠાઈની પ્રશંસાનો અર્થ જો એને ખાવાની પ્રેરણા થાય છે.

કપડાની પ્રશંસાનો અર્થ જો એને પહેરવાની પ્રેરણા થાય છે. હિલ-સ્ટેશનની પ્રશંસાનો અર્થ જો ત્યાં ફરવા જવાની પ્રેરણા થાય છે, તો સ્ત્રીની પ્રશંસાનો અર્થ શું થાય ? એનો અર્થ જે થાય છે એ જ થાય છે. તમારા બહાના-બચાવોથી એના અર્થને કોઈ ફરક પડતો નથી. નીતિશાસ્ત્રોમાં કહ્યું છે -

**प्रत्यक्षा गुरवः स्तुत्याः, परोक्षे मित्रबान्धवाः ।**
**भृत्याश्च कार्यपर्यन्ते, नैव पुत्रा मृताः स्त्रियः ॥**

***ગુરુની પ્રશંસા પ્રત્યક્ષમાં એમની સામે કરવી જોઈએ.***
***મિત્ર-ભાઈ-સ્વજનની પ્રશંસા પરોક્ષમાં -***
***એમની ગેરહાજરીમાં કરવી જોઈએ.***
***નોકરોની પ્રશંસા કામ પતી ગયા પછી કરવી જોઈએ.***
***દીકરાની પ્રશંસા કદી ન કરવી જોઈએ.***
***સ્ત્રીની પ્રશંસા એના મૃત્યુ બાદ કરવી જોઈએ.***

આ દરેક વિધાન પાછળનું ખાસ રહસ્ય છે. સ્ત્રીની સલામતી એમાં જ છે કે એની Add ન કરવામાં આવે. ૨૦ વર્ષે પણ નહીં અને ૮૦ વર્ષે પણ નહીં. સ્ત્રી ચાહે પુત્રીરૂપે હોય તે પત્નીરૂપે હોય, એની પ્રશંસા સમજુ અને સજ્જન કદી ન કરે. કોણ કરે ખબર છે ?

(૧) કન્યાવિક્રય કરનાર પિતા. મારી દીક્ષા પહેલાની વાત છે. હું ગુરુદેવ સાથે રહેતો હતો. મુંબઈ-ગોરાઈ મુકામે અંજનશલાકા-પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલુ હતો. રાતના સમયે ગુરુદેવ, હું ને એક શ્રાવક બેઠા હતા. એ શ્રાવકને અરેબિયન દેશમાં જવાનું થતું. એ ત્યાંના હિંસા વગેરે પાપોની વરાળ ઠાલવી રહ્યા હતા. એક વાત એમણે એવી કરી કે ત્યાં કન્યાવિક્રય ચાલે છે. વિવાહના નામે દીકરી વેંચવી, રોકડી કરવી, એનું નામ કન્યાવિક્રય. એના માટે દીકરીનો પિતા દીકરીના વખાણ કરે કે એની આંખ-નાક આવા છે... વગેરે વગેરે..

**આપણને એ પિતા તદ્દન ગંદા અને ખરાબ લાગશે, વાત ખોટી પણ**

**નથી, પણ એ તો જે સંભાવ્યમાન પતિ છે, એની જ આગળ વખાણ કરે છે. જ્યારે આપણે તો ફોટો-વિડિયોના માધ્યમે હજારો-લાખ આગળ દીકરી/બહેન/પત્નીના શરીર-અંગોપાંગોના વખાણ કરીએ છીએ. તો વધુ ખરાબ અને ગંદા કોણ ?**

(૨) વેશ્યાપતિ - એક સ્ત્રી માટે મોટામાં મોટી ગાળ વેશ્યા હોય છે, એક પુરુષ માટે મોટામાં મોટી ગાળ વેશ્યાપતિ હોય છે. એ પત્નીનો દુરુપયોગ કરીને રોકડી કરતો હોય. એ ઘરાકી માટે પત્નીના વખાણ કરે. આપણે અજાણ-પણે પણ આટલા હલકા માણસોના સ્તરે ન જવું હોય, તો પ્રિ-વેડિંગના પનારે હરગીઝ ન પડવું જોઈએ.

છગન ઘરમાં છાપું વાંચો હતો. ત્યાં એની પત્ની આવી. કહે, ‘‘હું સુંદર છું ? હું ખરેખર ખૂબ સુંદર છું ? હું હંમેશા સુંદર જ રહીશ? તમે મને હંમેશા ચાહશો ? હું ઘરડી થઈશ ત્યારે પણ તમે મને ચાહતા રહેશો ?’’ છગને કહ્યું, ‘‘તું સુંદર છે, તું સુંદર રહીશ, હું તને હંમેશા ચાહીશ. તું ઘરડી થઈશ ત્યારે પણ ચાહીશ. તું કદી ઘરડી પણ થઈ શકે એ જ હું માની શકતો નથી. હવે આ બધો બકવાસ બંધ કર અને મને છાપું વાંચવા દે.’’

**છગનની સ્ટોરી બાજુ પર રાખીએ તો પણ પ્રિવેડીંગ, પુલપાર્ટી, સંગીતસન્ધ્યા કે પિકનિકના નામે દીકરી-બહેન-વહુ-પત્ની-મમ્મીની જે જે ઈન્ડાઈરેક્ટલી પ્રશંસા થતી હોય છે, એ બકવાસ જ નહીં, બલ્કે ભયાનક બકવાસ હોય છે. કારણ કે એનાથી ખૂબ ખરાબ પરિણામો આવે છે. અત્યંત ક્લોઝ ફ્રેન્ડ પાસે કે સગા ભાઈ પાસે પણ દીકરી કે પત્નીના શરીરના વખાણ ન કરાય. આટલી કોમનસેન્સ આપણામાં ન હોય, ને હાલી-મવાલીને ય આપણા ઘરની આબરુનું ગંદુ મનોરંજન આપણે પૂરું પાડતા હોઈએ, તો આપણો સત્યાનાશ નક્કી છે.**

**चाहते थे दुनिया में, कितना कुछ कमाना हम,**
**कोशिशों में खो बैठे, चेन का खजाना हम ।**

કોઈપણ સ્ત્રીને અને એના પરિવારને બરબાદ કરી દેવાનો short cut છે, એ સ્ત્રીની પ્રશંસા કરવી. હકકીતમાં આ કામ દુશ્મન જ કરે પણ અત્યારે દુશ્મનનું કામ આપણે જાતે જ ઉપાડી લીધું છે. છટ્ઠા નંબરનું આગમ છે જ્ઞાતાકર્મકથા. એમાં મલ્લિનાથ પ્રભુનું ચરિત્ર આપેલું છે. ચોક્ષા નામની પરિવ્રાજિકા, સોની, ચિત્રકાર વગેરેએ વિવિધ રાજાઓ પાસે મલ્લિકુમારીના વખાણ કર્યા, પરિણામે મિથિલાનું આખું રાજ્ય, રાજમહેલ, રાજપરિવાર બધા પર છ રાજાઓની સેનાઓ તૂટી પડી હતી. આ તો મલ્લિનાથ ભગવાનના બુદ્ધકૌશલ્યથી બધા બચી ગયા, તમારી પાસે તો એવું કોઈ કૌશલ્ય નથી.

**શૂર્પણખાએ રાવણ પાસે સીતાજીની પ્રશંસા કરી. રાવણ સીતાજીને ઉપાડી ગયો. રામાયણનો પાર ન રહ્યો. આપણી પાસે પણ એક સરખી રામાયણ હોય છે, ફરક એટલો કે આપણી દીકરી/બહેન/પત્નીને બરબાદ કરવા માટે શૂર્પણખાનો રોલ પણ આપણે જ કરતા હોઈએ છીએ, બીજો ફરક એ કે આપણી સીતાને બચાવવા માટે આપણી પાસે રામ-લક્ષ્મણ જેવી કોઈ શક્તિ હોતી નથી, ત્રીજો ફરક એ કે આપણા કોઈ હનુમાન ભગત પણ હોતા નથી અને ચોથો ફરક એ કે આજે રામનો દુકાળ અને રાવણોની ભરમાર છે.**

**પદ પદ લંકા પદ પદ રાવણ**
**ઈતને રામ કહા સે લાઉં.**

દ્રૌપદીના સ્વયંવર વખતે એની જે પ્રશંસા થઈ, એનું ફળ એને વસ્ત્રાહરણ-રૂપે મળ્યું. નારદજીને દ્રૌપદી પર દાઝ ચઢી, તો ધાતકીખંડ-અપરકંકા નગરીમાં જઈ પદ્મોત્તર રાજા આગળ એના વખાણ કરી આવ્યા. પદ્મોત્તર રાજાએ દેવ દ્વારા એનું અપહરણ કરી લીધું. માંડ ભાળ મેળવી પાંડવો ત્યાં પહોંચ્યા તો એમને ય પદ્મોત્તર રાજાએ હરાવી દીધા. દ્રોપદી પરમ સતી અને પરમ પુણ્યશાળી હોવાથી એનું શીલ અક્ષત રહ્યું અને કૃષ્ણજીની સહાય મળવાથી એ પાછી મળી શકી. આપણી પરિસ્થિતિ આપણે બરાબર જાણીએ છીએ.

प्रशंसा का जो दिखता था खजाना
सच में तो सत्यानाश का बहाना था ।।

## સત્યાનાશ – ૬ : કુદૃષ્ટિ

છગને લગભગ ચીસ પાડીને કહ્યું, ‘‘તને કેટલી વાર કહ્યું કે મોબાઈલ જોતા જોતા રસોઈ ના બનાવ, જો આ શાક બનાવ્યું છે કે પાણી ?’’ એની પત્નીએ સામી ગર્જના કરી, ‘‘તમને ય મેં ઘણી વાર કહ્યું છે કે, મેચ જોતા જોતા ના જમો, જુઓ તમે રોટલીને શાકમાં બોળી છે ? કે પાણીમાં ?’’

આપણી નજર ક્યાં છે એના જેટલી જ મહત્ત્વની વાત એ પણ છે કે આપણા પર કોની નજર છે ? કદાચ એ એના કરતા પણ વધુ મહત્ત્વની વાત છે. થોડા દાયકા પહેલાની વાત છે, એક પંડિતજીએ એક ચોપડી લખી, એનું નામ હતું હિન્દુ સ્ત્રીની દિનચર્યા, એમાં એ કેવી રીતે પૂજા-પાઠ, ઘરના કામ, રસોઈ, સાસુ-સસરાની સેવા વગેરે કરે એ બધું લખ્યું. પછી એને એમ થયું કે આ પુસ્તકમાં તે તે ચર્યાના ફોટા મુકવા જોઈએ. ફોટા મર્યાદાવાળા વસ્ત્રોમાં સારી ચર્યાના જ આપવાના હતા. પંડિતજી રખડી રખડીને થાક્યા. એક પણ હિન્દુ સ્ત્રી (એટલે કે ખાનદાન સ્ત્રી) પોતાના ફોટા પડાવવા તૈયાર ન થઈ. છેવટે એ પંડિતજીએ એક વેશ્યાના ખાનદાન સ્ત્રી તરીકેના ફોટા મુક્યા.

**આપણી બે પેઢી પહેલા, ફોટાની વાત તો દૂર છે, બહેનોના નામ પણ લેવાતા/લખાતા/કોતરાતા ન હતા. એ એક શરમજનક વસ્તુ કહેવાતી. જરૂર પડે તો બહુ બહુ તો એમના ઘરેથી/એમના ઘરવાળા એટલું કહેવાતું. આમાં નારીનું અપમાન નહીં પણ સમ્માન હતું. ખાનદાન નારીનું કોઈ નામ સુદ્ધા લઈ ન શકે, અરે જાણી સુદ્ધા ન શકે, એનાથી એના પોતાના ભાવ, બીજાના ભાવ, પોતાની સલામતી, બીજાની સલામતી બધું જ સચવાઈ જાય. મર્યાદાનું હાર્દ આ હોય છે. જેનાથી પરિવાર-સમાજ ટકી જાય છે અને ધર્મની સંભાવના ઊભી રહે છે.**

આપણે નામ લેતા થયા, નામ લખાવતા થયા, નામ કોતરાવતા થયા, મર્યાદાવાળા ફોટા મુકતા થયા, ઉઘાડા માથાવાળા ફોટા મુકતા થયા, છેલ્લી કોમવાળા ય ન પડાવે એવા ઉઘાડા શરીરવાળા ફોટા મુકતા થયા અને છેલ્લી કોમવાળા ય જેમના રવાડે ન ચડે એવા નટ-નટી જેવી બેફામ કુચેષ્ટાઓવાળા ફોટા-વિડિયાના જનજાહેર પ્રદર્શનો કરતા ગયા... સમાંતર સમાંતર આપણે ત્યાં કંકાસો, કકળાટો, સંઘર્ષો, ગૃહક્લેશો, દુરાચારો, છૂટાછેડાઓ, પુનર્લગ્નો, પાછી આવેલી દીકરીઓ, આ બધા કેસો કૂદકે ને ભૂસકે વધતા ગયા. જેના ઘણા કારણો સાથે એક મહત્ત્વનું કારણ આ પણ છે - પ્રિ-વેડિંગ વગેરેના ફોટા-વિડિયો... અને એમાં થતા કુદૃષ્ટિના સત્યાનાશ.

**તમે શું માનો છો ? કેટલા ટકા લોકોની નજર સારી હોય છે ? જેમની નજર સારી હોય, એ આ બધો ગંદવાડો શા માટે જુએ ? આપણે આ બધું પ્રસારણ કરીને કોનું કલ્યાણ કરીએ છીએ ? એમનું ? બિલકુલ નહીં, આપણે એમની આંખો દ્વારા એમના મન અને આત્મામાં ઝેર રેડીએ છીએ. એમના અનંત ભવિષ્યને દુઃખમય કરીને એમનો સત્યાનાશ વાળીએ છીએ. આપણું કલ્યાણ કરીએ છીએ ? બિલકુલ નહીં, સામી વ્યક્તિ જ્યારે આપણા નિમિત્તે દૃષ્ટિદોષમાં પડતી હોય છે, ત્યારે આપણે કુદૃષ્ટિના સત્યાનાશમાં પડતા હોઈએ છીએ.**

રાતોરાત મેડિકલ રિપોર્ટ્સ ખરાબ આવે એ કુદૃષ્ટિનો સત્યાનાશ હોય છે. રિપોર્ટ્સમાં કશું ન પકડાય ને તબિયત સતત ડાઉનફોલમાં હોય, એ કુદૃષ્ટિનો સત્યાનાશ હોય છે. અચાનક ધંધા મંદા થઈ જાય એ કુદૃષ્ટિનો સત્યાનાશ હોય છે. ઘરમાં રમખાણો ચાલુ થઈ જાય એ કુદૃષ્ટિનો સત્યાનાશ હોય છે.

અમારા ગુરુદેવે જીવનમાં ૧૦૦ થી વધુ પુસ્તકો લખ્યા, ૧૦૦૦ થી વધુ શાસ્ત્રોનો પુનરુદ્ધાર કરાવ્યો. પુષ્કળ પુસ્તકોમાં ગુરુદેવના સંસારી પરિવારે લાભ લીધો, લાખો રૂપિયાના યોગદાનો આપ્યા. છતાં ગુરુદેવે

કોઈ પુસ્તકમાં એમના સંસારી માતૃશ્રીનો ફોટો નથી મુકાવ્યો, કોઈ પુસ્તકમાં ફક્ત સંસારી પિતાશ્રીનો ફોટો છે, પણ માતૃશ્રીનો તો નથી જ. જે ફોટો પૂર્ણ મર્યાદામાં છે. જે ફોટા સાથે કોઈ છેડ છાડ નથી કરવાનું. જે ફોટા પર કોઈ ગંદી કોમેન્ટ્સ નથી કરવાનું. જે ફોટા જોઈ કોઈ એમનો સંપર્ક નથી કરવાનું, જે ફોટાનો કોઈ મિસયુઝ નથી થવાનો, જે ફોટાને કોઈ સોશિયલ મીડિયામાં મુકવાના નથી, ને છતાં ગુરુદેવે આ ૧૧૦૦ પ્રકાશનોમાંથી એક પણ પ્રકાશનમાં એમનો પૂર્ણ મર્યાદાવાળો ફોટો પણ મુક્યો નથી. એટલું જ નહીં, લોકો માટે શ્રુત એ Dry subject છે. ફોટાના હિસાબે લોકો સરળતાથી દાન આપી શકે. પહેલા નંબરે કોઈ પણ પોતાના માતુશ્રીનો ફોટો આપે, ગુરુદેવે એવા દાનની પણ પરવા નથી કરી, ગુરુદેવે એક પણ પુસ્તક કે શાસ્ત્રમાં એક પણ બહેનનો ફોટો લીધો નથી.

**૭૦-૮૦ વર્ષના માજી હોય, પૂર્ણ મર્યાદાવાળા વસ્ત્રો હોય, માથે ઓઢેલું હોય, એમનો ય ફોટો જાહેર ન કરવો, આવું પ્રબુદ્ધ જનો માનતા હોય, ત્યારે ૨૦-૨૫ વર્ષની યુવતી હોય, જેવા-તેવા કપડા હોય, અંગોપાંગ દેખાતા હોય, ભલભલા સજ્જનની પણ નજર બગડે એવા પ્રદર્શનો હોય, અધુરામાં પૂરું કુચેષ્ટાઓ હોય અને એ બધું સોશિયલ મીડિયામાં મુકવાનું હોય. કુદૃષ્ટિને મોકળું મેદાન આપવાની કેવી છેલ્લી કક્ષાની વ્યવસ્થા !**

હિયા-ના પ્રિવેડિંગ પછી મેરેજ પણ થઈ ગયા, (નામ બદલેલ છે.) પણ એની તબિયત સતત લથડતી ચાલી. શરૂ શરૂમાં તો સાસરાવાળાએ લાગણીથી ટ્રીટમેન્ટ કરાવી પણ પછી તેઓ ય કંટાળ્યા. પતિએ છૂટાછેડાના કાગળો તૈયાર કર્યા. હવે પિયરવાળા એને સાજી કરવા માટે મરણિયા બન્યા. ડોક્ટર, વૈદ બધાથી નિરાશ થયા બાદ તાંત્રિકના શરણે ગયા. હિયા આમ પણ અમુક વિચિત્ર હરકતો કરતી હતી. આખું કાવતરું પકડાયું ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. પ્રયોગ કરનારે પૂરા ૪૦ લાખની માંગણી કરી હતી, ને એણે બિન્ધાસ્ત એવું પણ કહ્યું

તું, કે પ્રિવેડિંગના ફોટો-વિડિયો સામગ્રીના આધારે જ એના ફોટા પર એણે પ્રયોગ કર્યો હતો. પણ હવે એટલું મોડું થઈ ચૂક્યું હતું કે રૂપિયા આપતા પણ હિયા બચે એમ ન હતી. સાડા ચોવીશ વર્ષની હિયા સાવ જ ડોશી જેવી દેખાવા લાગી. પતિને હવે સારવારને બદલે છૂટાછેડામાં જ રસ હતો. પિયરમાં હિયા ખાટલે મરવા પડી હતી, મા આંસું સારતી હતી, બાપ આંસું સારી રહ્યો હતો. પ્રિવેડિંગ-ના પસાયે પ્રિ-ડેથનો પ્રોગ્રામ ચાલી રહ્યો હતો. ને થોડા જ દિવસમાં હિયા ચિતાએ ચડી ગઈ. લોકો જાતજાતની વાતો કરતા હતા. હિયાના ભાઈને અને ભૂતપૂર્વ પતિને કોઈ દીકરી જ આપવા તૈયાર થતું નથી. બે'ય પરિવારે પ્રિવેડિંગના બધા ફોટા ડિલિટ કરી નાંખ્યા, પણ ત્યાં સુધીમાં ઘોડા તબેલામાંથી છૂટી ગયા હતા.

**ખુશીના પ્રિવેડિંગ પછી એના પર એક ગુંડાનો ફોન આવ્યો (નામ બદલેલ છે) જો એ એની માંગણી ન સંતોષે તો એને અને એના મમ્મી-પપ્પાને જાનથી મારી દેવાની ધમકી આપી. ખુશી ખૂબ જ ગભરાઈ ગઈ. એક વાર સંકટ ટાળી દઈએ, પછી સુખી લગ્નજીવન જીવીશ. એમ વિચારી એ એક વાર વશ થઈ, એની જાણ બહાર એનો વિડિયો બની ગયો. એને વિડિયો મોકલીને બ્લેકમેઈલ કરવામાં આવી, એ રડી, એ કકળી, એ એના પગે પડી, પ્લીઝ મારો પીછો છોડી દો. એને પીછો છોડવાની લાલચ આપી હજી એક વાર મળવા કહેવામાં આવ્યું. એ ફરી ગઈ. આ રીતે લગ્ન પહેલા પાંચ વાર થયું. લગ્ન પછી અઢાર વાર થયું. ઓગણીસમી વાર ખુશી બીમાર હોવાથી પહોંચી ન શકી. એના પતિના નંબર પર વિડિયો પહોંચી ગયો. પતિએ રસોડાનું બારણું બંધ કરી ખુશીની સાથે ભયંકર ઝગડો કર્યો અને ભયાનક ગુસ્સા સાથે જોરથી એના માથે પ્રેશર કુકર મારી દીધું. ખુશીનું માથું છુંદાઈ ગયું. રિબાઈ રિબાઈને ખુશીએ છેલ્લો શ્વાસ છોડી દીધો. પતિએ પેટમાં છરી ભોંકીને આત્મહત્યા કરી દીધી. બે લાશને ફરતે સૌ નિઃસ્તબ્ધ થઈને બેઠા છે. ને જાણે ઘરની દીવાલો એવું કહી રહી છે.**

**इस जगह बैठकर शोर मत कीजिए ।**
**जिंदगी सो रही मौत का साज है ।**

ડિલિવરી પહેલા પેટના ફોટા આપવા એ પોતાના અને આવનાર બાળક ઉપર કુદૃષ્ટિનું આમંત્રણ છે. તમારો દીકરો માંદો, નબળો, મૂંગો, બહેરો, અપંગ જન્મે, કે માનસિક ખોડવાળો જન્મે, આવી તમારી તૈયારી ન હોય, તો તમારા પોતાના અને પેટના ફોટા આપવાના બંધ કરી દો.

**આગમમાં એક અપશુકન બતાવ્યું છે. - णारी पीवरगब्भा - પુષ્ટ ગર્ભવાળી - પૂરા દિવસોવાળી નારી - એનું દર્શન અપશુકન છે. જે દુનિયાને અપશુકન આપે એને પોતાને સેંકડો-હજારો અપશુકનોનો સરવાળો મળે છે. આવો ફોટો કદી આપવો ન જોઈએ, અને જો કોઈએ મોકલ્યો હોય તો એક ક્ષણ માટે પણ જોવો ન જોઈએ. ગર્ભવતી નારી ખરાબ છે એવું નથી. પણ શુકન-અપશુકનની આખી વાત જ જુદી છે. સ્મશાનયાત્રા સામે મળે એને શુકન કહેવાય છે. ઘી ખાઈને જવું એને અપશુકન કહેવાય છે. એવું તો નથી કે સ્મશાનયાત્રા સારી વસ્તુ છે કે ઘી એ ખરાબ વસ્તુ છે. એ રીતે આમાં પણ સમજવું જોઈએ.**

પિકનિક વગેરેમાં જેવા-તેવા કપડા પહેરવા-જેવા-તેવા ચેનચાળા કરવા, જાહેર જનતામાં એનું પ્રદર્શન કરવું, એના ફોટા જાહેરમાં મુકવા - આ બધું જ બહુ જ ગંભીર ભૂલ છે. જે જે પ્રિવેડિંગના નુકશાનો કહ્યા છે. તે બધી વસ્તુ આમાં પણ લાગુ પડે છે. એક દિવસની ભૂલની લાંબી સજા ભોગવવાની મૂર્ખામી આપણે શા માટે કરવી જોઈએ ?

કુદૃષ્ટિની બાબતમાં છેલ્લી વાત - નિષ્ણાતો કહે છે કે કુદૃષ્ટિ જ નહીં, સુદૃષ્ટિથી પણ નુકશાન થઈ શકે છે. આપણે જેને નજર લાગવી કહીએ છીએ, એમાં સારી અને ખરાબ - બંને નજરોનો સમાવેશ થાય છે, નિષ્ણાતો એમ પણ કહે છે, કે સગી મા ની નજર દીકરાને લાગી શકે. બોલો, હવે ગામ આખામાં પ્રદર્શનો કરવાનું પરિણામ શું આવી શકે ? જે અંગોના પ્રદર્શનો કર્યા, એ અંગો કેન્સરના ભરડામાં આવ્યા,

રોગના ભરડામાં આવ્યા, કદરૂપા થઈ ગયા ને કપાવી સુદ્ધા દેવા પડ્યા. એવા પુષ્કળ દાખલાઓ છે. કોઈ કવિએ ખરું કહ્યું છે -

**ન પૂછો મારી બરબાદી ન પૂછો,**
**લગાવી છે મેં પોતે આગ મારા ઘરમાં.**

## સત્યાનાશ – ૭ : અનવસ્થા

છગનના ઘર પાસે એક પંડિતજી રહેતા હતા. એણે જોયું કે એક દિવસ એમણે માથું મુંડાવ્યું છે. છગનને આશ્ચર્ય થયું, છગને કહ્યું, કે, ''શું થયું ?'' પંડિતજીએ આંખમાં આંસુ સાથે જવાબ આપ્યો, ''ખબર નથી ? ગધેસર મહારાજ ગુજરી ગયા.'' છગનને પણ થયું કે બહુ જ મોટી હસ્તી મરી ગઈ હશે, એમ વિચારી છગને પૂછ્યું, '' મારે પણ કાંઈ કરવું પડે ?'' પંડિતજી કહે, ''જેટલું કરો એટલું ઓછું, છેવટે માથું તો મુંડાવો..'' છગન તરત જ જઈને માથું મુંડાવી આવ્યો. એ નાઈને ત્યાંથી ઘરે જતો હતો, ત્યાં વચ્ચે મગન મળી ગયો. મગન કહે - અલ્યા, આ શું ? માથું કેમ મુંડાવ્યું ? છગને બરાબર એ પંડિત જેવો રોલ કરીને કહ્યું, ''ખબર નથી ? ગધેસર મહારાજ મરી ગયા ?'' મગને કહ્યું, ''તો શું મારે પણ માથું ?'' છગને પેલા પંડિતજીની અદાથી કહ્યું, ''જેટલું કરો એટલું ઓછું, છેવટે માથું તો...'' મગન પણ ટકલો મુંડો ટાઉં ટાઉં થઈ ગયો. મગનની પાસેથી આ તત્ત્વજ્ઞાન મેળવીને ત્રીજાએ માથું મુંડાવ્યું... ચોથો.. પાંચમો... છટ્ઠો... સાતમો **ને પછી તો આખા ગામમાં બધા ટકલે ટકલા જ દેખાવા લાગ્યા. સરપંચે પૂછ્યું તો એ જ ગધેસર મહારાજ... સરપંચ સમજુ હતા, એમણે આંધળું અનુકરણ ન કર્યું, એમણે તો પૂછ્યું, કે ''કયા ગધેસર મહારાજ ?'' પ્રશ્ન ફરતો ફરતો છગન-મગન સુધી આવ્યો, એ સરપંચને લઈને પંડિતજીના ઘરે ગયા. ને પૂછ્યું, તો એણે ભાંડો ફોડ્યો...**

**એ કહે, ''એ તો બાજુવાળા કુંભારનો ગધેડો હતો ને, એ બહુ ઊંચો**

**આત્મા હતો, એ રોજ બરાબર હું સ્તોત્ર-પાઠ કરું ત્યારે ભૂંકે, માટે હું એને ઊંચો આત્મા કહેતો હતો, ને મેં એનું નામ ગધેસર મહારાજ પાડ્યું હતું. એ મરી ગયા.''**

પ્રિવેડિંગનો સીધો અર્થ છે-પોતે ય મુંડાવું ને ગામને ય મુંડવું, પોતાનો ય સત્યાનાશ વાળવો, ને ગામને ય ઊંધા માર્ગે દોરવું, ઈન્ડાઈરેક્ટલી પ્રેરણા આપવી, કે તમે ય તમારું સત્યાનાશ વાળો... આ અનવસ્થાનું ભયંકર પાપ છે. પંચવસ્તુકમાં ૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

**एगेण कयमकज्जं आयरइ तप्पच्चया पुणो अन्नो ।**
**सायागारव परंपर, वोच्छेओ संजमतवाणं ॥**

***એક વ્યક્તિ અકાર્ય કરે,***
***એને જોઈને વળી બીજો પણ અકાર્ય કરે,***
***આ રીતે શાતાગારવની પરંપરા ચાલે***
***અને સંયમ-તપનો વ્યુચ્છેદ થઈ જાય.***

બીજા છ સત્યાનાશ તો તમે વહોર્યા જ છે. પણ આ સાતમું સત્યાનાશ છે, એ સાતસો સત્યાનાશ કરતા પણ વધુ ખતરનાક છે. બીજા સત્યાનાશોમાં તમે આપઘાત કરો છો કે સ્વજનનું મર્ડર કરાવો છો, આ સત્યાનાશમાં તમે આખા સમાજનું મર્ડર કરો છો. તમારા આવા કરતૂતને કારણે આવો ટ્રેન્ડ ચાલે એ સમાજનું એક પ્રકારનું મર્ડર છે, તમારા આવા કરતૂતને કારણે જે વસ્તુ કરવામાં શરમ આવવી જોઈએ, એ ન કરવામાં શરમ આવે, એ સમાજનું એક પ્રકારનું મર્ડર છે. તમારા આવા કરતૂતને કારણે જેમને પ્રિવેડિંગ ફોટો-વિડિયો કરાવવાની ઈચ્છા નથી, એમને પણ આ બધા સત્યાનાશો વહોરી લેવા પડે, એ સમાજનું એક પ્રકારનું મર્ડર છે. તમારા આવા કરતુતને કારણે કોઈ આ સત્યાનાશથી બચવા જતું હોય, તો એને ય રૂપિયા બચાવવા'તા કે શું ? આવા ટોન્ટ સાંભળીને આ સત્યાનાશો વહોરી લેવા પડે, એ સમાજનું એક પ્રકારનું મર્ડર છે.

**બીજા સત્યાનાશોથી એક ભવ બગડે છે, અનવસ્થાના સત્યાનાશથી ભવોભવ ને અનંત ભવ બગડે છે. પરમ પાવન શ્રી મહાનિશીથ સૂત્ર કહે છે, કે બીજા બધા પાપોનું જેટલું પ્રાયશ્ચિત્ત આવે તેના કરતા અસંખ્યગણું પ્રાયશ્ચિત્ત ઉન્માર્ગપ્રરૂપણા – ઉન્માર્ગપ્રવર્તનમાં – ઉન્માર્ગ આચરણમાં અને ઉન્માર્ગની ઉપેક્ષા કરવામાં આવે છે.**

**सव्वेसिं पावकम्माणं एगीभूयाणं जेत्तियं रासिं भवे,**

**तमसंखगुणं उम्मग्गपण्णवणपवत्तण–आयरणोवेक्खणेण समज्जिणे ॥**

બોલો, જોઈએ છે આટલું પાપ ? આ ભવ તો દુઃખમય થઈ જ જશે, અનંતભવો સુધી પણ રિબાઈ રિબાઈને ભોગવતા ય આરો નહીં આવે. સહન થશે તમારાથી ? **આખા સંઘને ઈન્ડાઈરેક્ટલી ઉન્માર્ગની પ્રેરણા કરવી, હાથ પકડીને એમને ઉન્માર્ગમાં ખેંચી જવા, સ્વયં ઉન્માર્ગનું આચરણ કરવું, શું આનું ઘોર પાપ નહીં ભોગવવું પડે ? અરે આ બધી નોટંકી મૂંગે મોઢે જોયા કરવામાં પણ ઘોર પાપ છે. એવું મહાનિશીથ સૂત્ર સ્પષ્ટ કહે છે. તો પછી એને આચરવાથી તો ધનોતપનોત નીકળી જાય, એમાં શું આશ્ચર્ય છે ? પ્લીઝ, તમારી જાત પર આવો જુલમ ન કરો, પ્રિવેડિંગ, પુલ પાર્ટી, રેઈન ડાન્સ, સંગીત સંધ્યા... વગેરે બધામાં આ બધી વસ્તુઓ લાગું પડે છે, તમારા સાત સત્યાનાશ વાળતા આ બધા ગુંડાઓ છે, રૂપિયા આપી આપીને એમને તમારા ઘરે બોલાવવાની મૂર્ખામી કદી કરશો નહીં.**

બોલો, આ બધું કરવા જેવું છે કે બંધ કરવા જેવું છે ? (સભા – બંધ કરવા જેવું છે.) (મેજોરિટી દ્વારા પ્રતિજ્ઞા સ્વીકાર)

જેમને પોતાનું સત્યાનાશ વાળવું જ હોય, તો ય એમણે અનવસ્થાના પાપથી તો બચવું જ જોઈએ. બીજાને પ્રેરણા-પ્રોત્સાહન આપવાથી એમનું પાપ અનેકગણું થઈ જાય, સમાજ આખાનો દાટ વળી જાય, આવું તો હરગીઝ ન ચાલે, માટે જો હજી કોઈ ૨% - ૩% જણને પણ ઈચ્છા હોય, કે અમારે તો ફોટો-વિડિયો બધું જોઈએ, તો તેઓ તેને વાઈરલ

કરતા પહેલા તેની સાથે આટલો મેસેજ અચૂક મૂકી દે -

**અમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ, માટે અમે આ બધી મૂર્ખામી કરી. અમારી વહુ/દીકરીનો અને અમારા પરિવારનો આ રીતે સત્યાનાશ વહોર્યો છે. મહેરબાની કરીને કોઈ આવી ભૂલ કરતા નહીં.**

બોલો, ફાવશે આવું, નહીં ને ? તો તમે પણ ૯૮%ની સાથે પ્રતિજ્ઞામાં આવી જાઓ. (બાકીના દ્વારા પ્રતિજ્ઞા સ્વીકાર)

આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ છે. આપ હવે કદી પણ કોઈ પણ સ્વરૂપે આવા ન્યૂસન્સને લગ્નપ્રસંગમાં કે જીવનમાં પ્રવેશવા નહીં દેતા.

* * * * *

**પ્રશ્ન :** દીક્ષામાં પ્રિ-શુટિંગ થાય છે તો લગ્નમાં શા માટે ન કરીએ ?

**જવાબ :-** (૧) પૂજ્ય શ્રમણીગણનાયકશ્રીએ કડકાઈ સાથે ક્યાંક ચાલુ થયેલ આવી કુપ્રથા બંધ કરાવી છે.

(૨) **દીક્ષા પહેલા** આ બુકમાં એ અંગે સમજૂતી છે, તે વાંચવા ભલામણ.

(૩) તેમાં ય દીક્ષાર્થી કોઈ વિજાતીયસ્પર્શ, અંગપ્રદર્શન કે કુચેષ્ટા ન'તા કરતા, તેથી તેનો દાખલો લઈ શકાય એમ જ નથી.

(૪) છતાં એનો દાખલો લેવો એ કુતર્ક કહેવાય.

(૫) પ્રિ-દીક્ષા પછી કોઈ દીક્ષા નથી અટકી, પ્રિવેડિંગ પછી કેટલાય કેસમાં સગાઈ તૂટી છે અને કરેલું પ્રદર્શન વ્યભિચાર સાબિત થઈને રહી ગયું છે.

**પ્રશ્ન :** અમારા દીકરાના લગ્ન પહેલી-છેલ્લીવાર છે, અમારા મનમાં એને બધી રીતે - સારામાં સારી રીતે ઉજવવાનો ઉમળકો હોય, માટે અમે પ્રિ-વેડિંગ ફોટો-વિડિયો કેમ હોંશે હોંશે ન કરાવીએ ?

**જવાબ :-** (૧) તમારા દીકરાના લગ્ન પહેલી-છેલ્લી વારના જ થાય, એ માટે પ્રિ-વેડિંગ ન જ કરવું જોઈએ. વિશ્વાસ ન થતો હોય તો ફરી સાત સત્યાનાશ વાંચી જાઓ.

(૨) તમારા દીકરાના લગ્ન સારી રીત કરવા હોય તો પ્રિ-વેડિંગ ન જ કરવું જોઈએ, એ ખરાબ રીતે લગ્ન કરવાની રીત છે.

(૩) મોહથી સંતાન પાસે કુકર્મ કરાવવું એ સંતાનને દારૂ પીવડાવવા જેવી ઘટના છે, જેનાથી તમારું અને એનું - બંનેનું ભવિષ્ય ૧૦૦% બગડવાનું છે.

**પ્રશ્ન :** હવે અમે પ્રિ-વેડિંગ કે પુલ-પાર્ટી કશું કરવા માંગતા નથી, પણ અમારું બધું પતી ગયું છે. ત્યારે ખબર હોત, તો હરગીઝ ન થવા દેત, પણ હવે... શું કરવું ?

**જવાબ :-** સદ્ગુરુ પાસે તીવ્ર પસ્તાવા સાથે પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઈ જાઓ અને એ પાપના ફોટો-વિડિયો Soft-Hard જે પણ Form માં હોય એને નાબૂદ કરી દો. એને રાખવા-જોવા એ તે પાપની અનુમોદના છે.

* * * * *

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય,
તો મિચ્છામિ દુક્કડમ્

શ્રાવણ (૧) સુદ ૭, વિ.સં. ૨૦૭૯,
શ્રી હાલોલ જૈન સંઘ,
ગુજરાત.

લવ જેહાદના દુષ્પરિણામોને સંઘ ભોગવી રહ્યો છે, એના મૂળમાં એક મહત્ત્વનું કારણ રહ્યું છે શ્રમણીસંસ્થાની અવગણના.

છટકેલ મમ્મી, ફટકેલ દીકરી, ભટકેલ દીકરો, બટકેલ સંસ્કારો, પટકેલ જિંદગી, અટકેલ કલ્યાણ ને લટકેલ આખું ભવિષ્ય... આના મૂળમાં શ્રમણી ભગવંતોની અવગણના હોય છે.

શ્રમણી ભગવંત એક શ્રાવિકા માટે આદરણીય બને, આદેય બને, એટલે એક આખા પરિવારનો ઉદ્ધાર થઈ જાય છે, શ્રીસંઘનું પરમ કર્તવ્ય છે શ્રમણીસંસ્થાની આચારસુરક્ષા કરવી અને પરિણતિસુરક્ષા કરવી, આટલું થાય એટલે એમની આમાન્યાસુરક્ષા થઈ જશે.